RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 94* Date: 31.01.2021 Sunday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મહાત્મા ગાંધીની પુણ્યતિથિ પર દિલ્હીમાં બાપુના સમાધીસ્થળ રાજઘાટ પર જઈને શ્રદ્ધાંજલિ આપી હતી. વડાપ્રધાને જણાવ્યું કે ગાંધીજીના વિચારો લાખઓ લોકો માટે પ્રેરણાૃોત સમાન છે. મહાત્મા ગાંધીજીની ૧૯૪૮માં નથૂરામ ગોડસેએ ગોળી મારી હત્યા કરી હતી. ગાંધીજીના નિર્વાણ દિનને શહીદ દિવસ તરીકે મનાવવામાં આવે છે.

### સરકારે ખેડૂતોને જે પ્રસ્તાવ આપ્યો છે તે હાલ પણ યથાવત્: સર્વપક્ષીય બેઠકમાં બોલ્યા વડાપ્રધાન

## ખેડૂતો સાથે વાતચીત માટે સરકાર હમેશાંથી તૈયાર: મોદી

*ન્યુ દિલ્હી,તા.૩૦*

ધીમે ધીમે વેગ પકડી રહેલા ખેડૂતો આંદોલનને લઈને કેન્દ્ર સરકારે નવા કૃષિ કાયદા વિરૂદ્ધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતો સાથે વાતચીતની શક્યતાઓ નકારી નથી અને તેને યથાવત રાખી છે. આજે સર્વપક્ષીય બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ખેડૂતોનો મુદ્દો વાતચીતથી જ હલ થશે. ખેડૂતોને આપવામાં આવેલો સરકારનો પ્રસ્તાવ આજે પણ યથાવત જ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય કૃષિ મંત્રી નરેદ્ર સિંહ તોમરને કહ્યું હતું કે તે ખેડૂતોથી માત્ર એક ફોન કોલ જ દૂર છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાયેલી બેઠકમં પીએમ મોદીએ કહ્યું હતું કે, સરકાર વિરોધી પ્રદર્શન કરી રહેલા ખેડૂતોના મુદ્દાઓને વાતચીત દ્વારા ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સર્વપક્ષીય બેઠકમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, જે કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે જે કહ્યું હતું હું પણ એ જ વાત દોહરાવવા માંગુ છું. અમે સર્વ સંમતિ સુધી નથી પહોંચ્યા પણ અમે તેમને (ખેડૂતો)ને ઓફર આપી રહ્યાં છીએ. તમે પણ આવો અને આ મામલે વિચાર કરો. પીએમ મોદીએ ખેડૂતોને કહ્યું હતું કે, તે માત્ર એક ફોન કોલ જ દૂર છું. પ્રદર્શનકારી ખેડૉઓતોની માંગણી છે કે, સરકાર આ કાયદાઓને જ રદ્દ કરે, પરંતુ સરકારે આ મામલે કોઈ વાત કરી નથી. ખેડૂત આંદોલન અને સંસદના કામકાજને ધ્યાનમાં રાખતા બજેટ સત્ર પહેલા સર્વપક્ષીય બેઠ્ક બોલાવવામાં આવી હતી. શુક્રવારે લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ નેતાઓ સાથે એક બેઠક કરી હતી. તેમણે લોકસભામાં તમામ પક્ષોના નેતાઓને સદનની ગરીમાનું સમ્માન કરવા અનુંરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ પહેલા બજેટ સત્રના પહેલા જ દિવસે ૨૦ રાજકીય પક્ષોએ રાષ્ટ્રપતિના અભિભાષનો બહિષ્કાર કર્યો હતો. તેથી સરકારનો પ્રયાસ છે કે ખેડૂતોના મુદ્દે સંસદમાં કોઇ ઉહાપો ન થાય.



સંસદનું બજેટસત્ર શુક્રવારે શરૂ થઈ ગયું છે. આ પહેલાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનું બજેટ અભિભાષણ થયું. તેમણે ૨૬ જાન્યુઆરી લાલકિલ્લા પર થયેલા તિરંગાના અપમાનને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યું. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે બંધારણ તમામને અભિવ્યક્તિની આઝાદી આપે છે, અભિવ્યક્તિનું સન્માન કરે છે. તો એ જ બંધારણ તમામને કાયદાનું પાલન કરવા માટે પણ કહે છે.

## ફ્રાન્સ આજથી યૂરોપિયન યૂનિયનથી આવનારા લોકો માટે સરહદ બંધ કરશે

પેરિસ,તા.૩૦

ફ્રાન્સે કહ્યું કે યૂરોપિયન યૂનિયન બહારથી આવનારા લોકો માટે રવિવારથી તે પોતાની તમામ સરહદ બંધ કરી રહી છે. ફ્રાન્સના આ નિર્ણય કોરોના વાયરસનો નવો સ્ટ્રેન ફેલાતો રોકવા માટે કર્યો છે જેથી ત્રીજું લોકડાઉન લગાવવાની જરૂરત ન પડે.

ફ્રાન્સના પ્રધાનમંત્રી જીન કાસ્ટેક્સે રાષ્ટ્રપતિ પેલેસમાં સ્વાસ્થ્ય સુરક્ષા સંબંધિત ઈમરજન્સી બેઠક બાદ શુક્રવારે રાત્રે આ નિર્ણયની જાહેરાત કરી હતી. તેમણે કોરોના વાયરસના નવા સ્ટ્રેનને ગંભીર જોખમ ગણાવતા સાવધાન રહેવા કહ્યું છે. તેમણે કહ્યું કે, યૂરોપયિન સંઘના અન્ય દેશોથી આવતા લોકોએ પણ કોરોના નેગેટિવ હોવાનો રિપોર્ટ બતાવવો પડશે.

કોરોના વાયરસને કારણે ફારન્સે એરપોર્ટ અને પોર્ટ પર પહેલાથી કડક તપાસ શરૂ કરી દીધી છે. અહીં ઓક્ટરોબરમાં જ રેસ્ટોરન્ટ, ટૂરિસ્ટ પ્લેસ અને અનેક હોટલ બંધ છે. હવે ફ્રાન્સ રવિવારથી અહીં તમામ મોટા શોપિંગ મોલ પણ બંધ કરી રહ્યું છે. સાથે વિદેશથી યાત્રા પણ મર્યાદિત કરી રહી છે.

અહીં હેલ્થ વર્કર્સ માગ કરી રહ્યા છે કે અન્ય યૂરોપીયન દેશોની જેમ જ ફ્રાન્સમાં પણ નવું રાષ્ટ્રવ્યાપી લોકડાઉન લગાવવામાં આવે. પરંતુ આવા પગલાની આર્થિક અસરને જોતા કાસ્ટેક્સે કહ્યું કે, 'અમારી ફરજ છે કે બધું બરાબર ચાલે જેથી નવું લોકડાઉન લગાવવા માટે મજબૂર ન થું પડે. આ રીતે આવનારા દિવસો નિર્ણાયક રહેવાના છે.' જણાવીએ કે, ફ્રાન્સ એ દેશોમાંથી એક છે જ્યાં વાયરસને કારણે મરનારા લોકોની સંખ્યા સૌથી વધારે છે. અહીં કોવિડ ૧૯ને કારણે ૭૫૬૨૦ લોકોના મોત થયા છે.

## ભારતને જૂન સુધી ત્રીજી કોરોના વેક્સીન મળી શકે છેઃ અદાર પૂનાવાલા

*પૂણે,તા.૩૦*

કોરોના મહામારી વિરુદ્ધ ભારત હવે મજબૂત સ્થિતિમાં જોવા મળી રહ્યુ છે. અહીં દેશવ્યાપી કોરોના રસીકરણ અભિયાન ચાલુ છે, એવામાં દેશને કોરોના સંક્રમણ સામે ત્રીજી વેક્સીન પણ મળે એવી આશા જાગી છે. આ મુદ્દે સીરમ ઈન્સ્ટીટ્યૂટના સીઈઓ અદાર પૂનાવાલાએ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું કે, તેઓની કંપની કોરોના વાયરસની બીજી વેક્સીન આ વર્ષે જૂનમાં લોન્ચ કરી શકે છે. તેમના મુજબ આ વેક્સીનને મંજૂરી મળતાં જ દેશને કોરોના વાયરસની ત્રીજી વેક્સીન મળી જશે. પૂનાવાલાએ આ અંગે જણાવ્યું હતું કે સીરમ ઈન્સ્ટીટ્યૂટ Novavax વેક્સીનનુ ટ્રાયલ કરી રહી છે અને તેના પરિણામ ઘણા પ્રભાવશાળી આવ્યા છે. ભારતમાં Novavax વેક્સીનના ટ્રાયલ માટે પ્રક્રિયા શરુ કરેલ છે, જે પછી આશા છે કે, જૂન ૨૦૨૧ સુધી વેક્સીન લોન્ચ થઈ જશે.

### અમેરિકામાં ૧ મહિનામાં બીજીવાર ગાંધીજીનું અપમાન

## શરમજનક! અમેરિકાના કેલિફોર્નિયામાં ઉપદ્રવીઓએ મહાત્મા ગાંધીની પ્રતિમા તોડી પાડી

કેલિફોર્નિયા,તા.૩૦

દેશમાં આજે મહાત્મા ગાંધીની પુણ્યતિથિ ઊજવવામાં આવી રહી છે. આ દરમિયાન અમેરિકાથી મહાત્મા ગાંધીનો અનાદર કરવામાં આવ્યો હોવાના સમાચાર સાંભળવા મળી રહ્યા છે. અમેરિકાના કેલિફોર્નિયા રાજયમાં એક પાર્કમાં અમુક અજ્ઞાત ઉપદ્રવીઓએ મહાત્મા ગાંધીની પ્રતિમાની તોડ-ફોડ કરી છે. આ ઘટનાથી અમેરિકામાં રહેતા મૂળ ભારતીયોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. બાપુના અનાદરથી નારાજ ભારતીય સમુદાયે આ ઘટનાની તાત્કાલિક તપાસની માગણી કરી છે. આ પહેલાં ડિસેમ્બરમાં વોશિંગ્ટન ડીસીમાં ભારતીય એમ્બેસી સામે મૂકવામાં આવેલી પ્રતિમાને ખાલિસ્તાનીના સમર્થકોએ ખંડિત કર્યા પછી એના પર પેઈન્ટ કરી દીધો હતો. ભારતે અમેરિકન સરકારને દોષિતો વિરુદ્ધ કાર્યવાહી કરવાની માગણી કરી છે. ભારતીય વિદેશ મંત્રાલયે ઘટનાની નિંદા કરી છે.

આ ગાંધી પ્રતિમા કેલિફોર્નિયાના સિટી ઓફ ડેવિસના સેન્ટ્રલ પાર્કમાં સ્થાપિત કરવામાં આવી હતી. એની ઊંચાઈ ૬ ફૂટ અને વજન ૨૯૪ કિલો હતું. બુધવારે સવારે સ્થાનિક લોકોએ જોયું કે ગાંધીજીની પ્રતિમાના પગ નહોતા અને ચહેરાનો અડધો ભાગ પણ તોડી નાખવામાં આવ્યો હતો. પાર્કના એક કર્મચારીએ સૌપ્રથમ આ તૂટેલી પ્રતિમા જોઈ હતી અને પ્રશાસનને એની માહિતી આપી હતી. પ્રતિમાની જગ્યા પણ બદલી દેવામાં આવી છે.

પોલીસ ડિપાર્ટમેન્ટના ચીફ પોલ ડોરોશોવે કહ્યું હતું કે હાલ આ પ્રતિમાને સુરક્ષિત જગ્યાએ રાખવામાં આવશે. અમે એનું રિપેરિંગ કરાવીશું. અત્યારે એ કહેવું મુશ્કેલ છે કે આ ઘટના ક્યારે બની છે, પરંતુ આ ઐતિહાસિક પ્રતિમાના અપમાનથી લોકોમાં નારાજગી છે. અમે આ વિશે ગંભીરતાથી તપાસ કરી રહ્યા છીએ.

### આ દુર્ઘટનામાં ૧૦ લોકો ઘાયલ થયા

## ઉત્તરપ્રદેશના મુરાદાબાદમાં બસ-ટ્રક વચ્ચે અકસ્માતઃ ૧૦ લોકોના મોત

મુરાદાબાદ,તા.૩૦

ઉત્તર પ્રદેશના મુરાદાબાદ જિલ્લાથી દુઃખદ સમાચાર છે. અહીં મુરાદબાદ-આગ્રા હાઈવે પર શનિવારની સવારે દર્દનાક દૂર્ઘટના બની ગઈ. દૂર્ઘટનામાં લગભગ ૧૦ લોકોના મોત થઈ ગયા જ્યારે આ દૂર્ઘટનામાં લગભગ ૧૦ લોકો ઘાયલ થઈ ગયા. દૂર્ઘટનાની સૂચના મળતાં જ પહોંચેલી પોલિસે બધા શબોને કબ્જામાં લઈને પોસ્ટમૉર્ટમ માટે મોકલી દીધા છે. વળી, ગંભીર રીતે ઘાયલ લોકોને ઈલાજ માટે હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા છે. આ ભીષણ અકસ્માત શનિવારની સવારે મુરાદાબાદ જિલ્લાના કુંદરકી પોલિસ સ્ટેશન ક્ષેત્રમાં થયો છે. મળતી માહિતી મુજબ આ દૂર્ઘટના ધૂમ્મસમાં ઓવરટેક કરવાના કારણે થઈ છે. ગાઢ ધૂમ્મસના કારણે મિની બસ અને કેન્ટર સહિત ત્રણ વાહન પરસ્પર ટકરાઈ ગયા હતા. દૂર્ઘટના બાદ ચીસાચીસ સાંભળીને સ્થાનિક લોકોએ પોલિસને સૂચના આપી. સૂચના પર કુંદરકી પોલિસ ઘટના સ્થળે પહોંચી ગઈ અને રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યુ. મુરાદાબાદ એસએસપીના જણાવ્યા મુજબ માર્ગ અકસ્માતમાં અત્યાર સુધી ૧૦ લોકોના મોત થઈ ગયા છે જ્યારે ૧૦ લોકો ગંભીર રીતે ઘાયલ છે. બધા ઘાયલોને ઈલાજ માટે હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા છે. નજરે જોનાર સાક્ષીએ જણાવ્યુ છે કે આ દૂર્ઘટના ઓવરટેક કરવા દરમિયાન થયુ છે. દૂર્ઘટનામાં ત્રણ વાહન પરસ્પર ટકરાઈ ગયા હતા. વાસ્તવમાં એક ખાનગી મિની બસ કુંદરકીથી મુસાફરોને લઈન મુરાદાબાદ જઈ રહી હતી. બસ જેવી નૈનપુર પુલિયા પાસે પહોંચી ત્યારે સામે આવેલી કેન્ટરે બસને ટક્કર મારી દીધી. આ દૂર્ઘટનામાં કેન્ટર પલટી ગઈ જ્યારે બસનો આગલો ભાગ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયો. આ દૂર્ઘટના પર મુખ્યમંત્રી યોગીએ દુઃખ વ્યક્ત કર્યુ છે. સીએમ યોગીએ મુરાદાબાદની ઘટના વિશે જાણીને જિલ્લા અધિકારી અને એસપીને ઘટના સ્થળે પહોંચવા માટે નિર્દેશ આપ્યા છે. માર્ગ અકસ્માતમાં ઘાયલોને ૫૦-૫૦ હજારની આર્થિક મદદ અને મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયાની આર્થિક મદદના નિર્દેશ આપ્યા છે. તેમણે ઘાયલોનો સમુચિત ઈલાજ ઉપલબ્ધ કરાવવાના નિર્દેશ અધિકારીઓને આપ્યા છે.

## કોરોના વાયરસના પહેલા દર્દીની સારવાર કરાઇ હતી તે હોસ્પિટલ પહોંચી WHOની ટીમ



બેઈજિંગ,તા.૩૦

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ટીમ વુહાનના કોરોનાની એ હોસ્પિટલમાં પહોંચી કે જ્યાં કોરોના વાયરસના પહેલા દર્દીની સારવાર કરવામાં આવી હતી. ત્યાં જઈને આ ટીમે કોરોનાને લગતા પ્રશ્નો પૂછ્યા. વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થાની ટીમે શુક્રવારે વુહાનની હોસ્પિટલની મુલાકાત લીધી, જ્યાં ચીનના જણાવ્યા મુજબ, એક વર્ષ પહેલા કોવિડ -૧૯ ના પ્રથમ દર્દીની સારવાર કરવામાં આવી હતી.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને કોરોના આખા વિશ્વમાં કેવી રીતે ફેલાય છે તેની માહિતી મેળવવાનું શરૂ કરી રહ્યું છે. હોસ્પિટલની મુલાકાત પહેલાં આ ટીમના સભ્યો ચીની અધિકારીઓ સાથે રૂબરૂ મળ્યા હતા. આ ટીમ આગામી દિવસોમાં વુહાનમાં ઘણા સ્થળોની મુલાકાત લેશે. હોલેન્ડના વાયરસ કેસના વૈજ્ઞાનિક મારિયન કુપમાન્સે સવારે ટ્વીટ કર્યું હતું કે 'મે મારા સાથીદારો સાથે મુલાકાત કરી.' ચીન આવ્યા પછી ૧૪ દિવસ સુધી આ ટીમ ક્વારેન્ટાઇનમાં હતી અને ગુરુવારે તેમનો આ સમય પુરો થયો.ચીનના જણાવ્યા અનુસાર, કોરોના વાયરસના પહેલા દર્દીની સારવાર 'હુબેઇ પ્રોવેંશિયલ હોસ્પિટલ ઓફ ઈન્ટિગ્રેટેડ ચાઈનીઝ એન્ડ વેસ્ટર્ન મેડિસિન'માં કરવામાં આવી હતી. કોવિડ -૧૯ નો પહેલો કેસ અહીં ૨૭ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સામે આવ્યો હતો.

### પોલીસને બ્લાસ્ટ સ્થળેથી એક કવર,દુપટ્ટો સહિતની વસ્તુઓ મળી

## દિલ્હી ઇઝરાયેલ દૂતાવાસ બ્લાસ્ટની જવાબદારી જૈશ-ઉલ-હીંદ સંગઠને લીધી

*ન્યુ દિલ્હી,તા.૩૦*

રાજધાની દિલ્હીમાં ઈઝરાયલના દૂતાવાસ બહાર થયેલા બ્લાસ્ટમાં સૌથી મોટો ખુલાસો થયો છે. દૂતાવાસ નજીક થયેલા આઈઈડી બ્લાસ્ટની જવાબદારી જૈશ-ઉલ હીંદ નામના સંગઠને લીધી છે. આ સંગઠને દાવો કર્યો છે કે તેણે જ ઈઝરાયેલી દૂતાવાસની સામે બ્લાસ્ટ કરાવ્યો છે. દેશની ગુપ્તચર એજન્સી દ્વારા આ બાબતની તપાસ કરાવાઈ રહી છે.

દિલ્હી પોલીસના સૂત્રોના મતે ઈઝરાયલ દૂતાવાસ બહાર જ્યાં ગઈકાલે વિસ્ફોટ થયો હતો ત્યાં લાગેલા સીસીટીવી ફૂટેજથી માલુમ પડ્યું છે કે, એક કેબમાંથી બે સંદિગ્ધ શખ્સો દૂતાવાર પાસે ઉતર્યા હતા. જો કે હજી સુધી એ જાણી શકાયું નથી કે આ શખ્સોની વિસ્ફોટમાં કોઈ ભૂમિકા છે કે કેમ. દિલ્હી પોલીસની સ્પેશ્યલ સેલે સંબંધિત કેબ ડ્રાઈવરનો સંપર્ક કર્યો હતો અને બન્ને વ્યક્તિઓ વિશે પૂછપરછ કરી હતી. પોલીસે કેબ ડ્રાઈવર પાસેથી મળેલા ઈનપુટના આધારે બન્ને શખ્સોની તસવીરો તૈયાર કરી છે.

ઈઝરાયલ દૂતાવાસ પાસે શુક્રવારે સાંજે ઓછી તિવ્રતા સાથેનો વિસ્ફોટ થયા બાદ પોલીસ હાઈ એલર્ટ પર છે. સૂત્રોના મતે વિસ્ફોટમાં એમોનિયમ નાઈટ્રેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જો કે એવી આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ વિસ્ફોટ કોઈ મોટા કાવતરા પૂર્વેનું ટ્રાયલ પણ હોઈ શકે છે.

ફોરેન્સિક ટીમને વિસ્ફોટમાં એમોનિયમ નાઈટ્રેટનો ઉપયોગ થયો હોવાના પુરાવા મળ્યા છે, જેને પગલે બ્લાસ્ટના સ્થળે એક નાનકડો ખાડો પડી ગયો હતો. સૂત્રોના મતે જો આરડીએક્સનો ઉપયોગ થયો હોત તો તેને પ્રભાવ વધુ થયો હોત. પોલીસની એક અલગ ટીમે સીસીટીવી ફૂટેજના આધારે એક અર્ધબળેલો ગુલાબી દુપટ્ટો તેમજ વિસ્ફોટ સ્થળેથી ઈઝરાયલના રાજદૂતને સંબોધતું એક કવર પણ મેળવ્યું છે.

પોલીસને વિસ્ફોટના સ્થળ નજીક એક ઝાડ પાછળ કેમેરો પણ છુપાયેલો મળ્યો હતો. કેમેરામાંથી પ્રાપ્ત ફુટેજમાં ટાઈમસ્ટેમ્પ વર્ષ ૧૯૭૦નો હતો, પરંતુ ફુટેજ સ્પષ્ટ નથી. પોલીસ આ તમામ બાબતોની તપાસ કરી રહી છે.

ઘટનાસ્થળેથી જે કવર મળ્યું છે તે વિસ્ફોટ સ્થળેથી અંદાજે ૧૨ ગજના અંતરે હતું. પોલીસ સૂત્રોના મતે આ કવર ઈઝરાયલના રાજદૂતને સંબોધીને લખાયું હતું. પોલીસ તેના પર આંગળીઓના નિશાન અને કવરની અંદરના દસ્તાવેજની તપાસ કરી રહી છે.

આ વિસ્ફોટ વિજય ચોકથી થોડા અંતરે આવેલા ડો. એપીજે અબ્દુલ કલામ રોડ પર આવેલા ઈઝરાયલ દૂતાવાસ નજીક થયો હતો. ઓછી તીવ્રતાવાળા બ્લાસ્ટને પગલે કેટલીક ગાડીઓના કાચ તૂટી ગયા હતા. વિજય ચોક ખાતે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત કેટલાક વીવીઆઈપી બીટિંગ રિટ્રીટ સમારોહમાં ઉપસ્થિત હતા.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:323**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૦૮૭૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦3**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૪૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૩૪૬૮**

## તંત્રી સ્થાનેથી...

# પેટ્રોલિયમ પેદાશો સોનાના ઈંડા આપતી મુરગી છે એટલે જીએસટીથી દૂર રખાય છે.....?

**કોરોના મહામારીએ વિશ્વભરના દેશોની આર્થિક સ્થિતિ ખરાબે ચઢાવી દીધી છે અને પેટ્રોલિયમે પણ અનેકવાર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. કોરોના મહામારી સમયમાં પેટ્રોલ ડીઝલનો વપરાશ તળિયે પહોંચી ગયો હતો મતલબ વિશ્વસ્તરે પણ ડિમાન્ડ ઘટી જવા પામી હતી. તે સમયમા પ્રતિ બેરલ માત્ર ૨૦ ડોલર ભાવ થઈ ગયો હતો. વિશ્વભરમા મહામારી સમયમાં તમામ પ્રકારનો વાહનવ્યવહાર,ટ્રાન્સપોર્ટ વ્યવહારો, વિમાનીસેવાઓ લગભગ સ્થગિત હતી એટલે પેટ્રોલિયમ વપરાશ ઘટી ગયો હતો. કોરોના વાયરસની અસર વૈશ્વિક અર્થવ્યવસ્થા ઉપર પણ થઈ છે. સૌથી વધુ પેટ્રોલિયમ પેદાશો આયાત કરતા ચીનમાં પણ કોરોનાને કારણે બ્રેક લાગી ગઈ હતી, જે ઔધોગિક એકમો પેટ્રોલિયમનો ઉપયોગ કરતા હતા તે બંધ થઈ ગયા હતા જેથી પેટ્રોલિયમ વપરાશ ઘટી જવા પામ્યો હતો. પરંતુ ભારતના લોકોને પેટ્રોલિયમ કિંમતો ઘટવા છતાં કોઈ લાભ મળ્યો ન હતો..... કારણ કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોનું કર ભારણ. વિશ્વસ્તરે પેટ્રોલિયમ ભાવો ઘટતા રહ્યા તેમતેમ સરકાર એક્સાઈઝ ડ્યુટી વધારતી ગઈ... પરિણામ એ આવ્યું કે બજારમાં પેટ્રોલિયમની કિંમત તળિયે પહોંચી ગઇ હતી છતાં લોકો પેટ્રોલ-ડીઝલના ઊંચા ઊંચા ભાવ ચુકવી રહી હતી. તે સાથે ઘરેલું ગેસ (રાંધણ ગેસ)તેમજ ધંધાર્થી ગેસની કિંમતો પણ વધારી દીધી. ભારતમાં ઓઈલ કંપનીઓએ પેટ્રોલ-ડીઝલની સમીક્ષા બંધ કરી દીધી. લોકડાઉન દૂર થતા પેટ્રોલિયમ ભાવ પુનઃ વધવા લાગતા દેશની ઓઇલ કંપનીઓએ પણ ભાવ વધારવાનું શરુ કરી દીધુ. પરિણામે વાહન ધારકો પરેશાન થઈ ગયા, ટ્રાન્સપોર્ટ ક્ષેત્રને પણ કિંમત વધારવા ફરજ પડી..... પરિણામે આમ પ્રજાને દરેક ચિઝ વસ્તુઓની વધુ કિંમત ચૂકવવી પડી રહી છે..... અને મોંઘવારી આસપાસ તરફ પહોંચી ગઈ છે.....**

**ચારેક વર્ષ પહેલા દેશમાં ભાજપ તથા ભાજપ સંકલિત ૨૨ રાજ્ય સરકાર હતી. તે સમયે કેન્દ્ર સરકાર પેટ્રોલિયમની રોજ રોજની કિંમત બાબતે સમીક્ષા કરવાની નીતિ શરૂ કરી દીધી અને એ સમયે સરકારે એવો કર્યો હતો કે પ્રજાના ભલા માટે આ નીતી લાવવાનું નક્કી કર્યું છે.પેટ્રોલિયમની રોજ રોજ થતી વધઘટનો લાભ લોકોને મળશે. આવી નિતી કેન્દ્ર સરકાર અને ઓઈલ કંપનીઓની વચ્ચેની સમજૂતીથી નક્કી કરવામાં આવી હતી. પરંતુ બન્યું એવું કે આ નીતિ અમલમાં આવ્યા બાદ પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થતો ગયો. અત્યારે વિશ્વ બજારમાં પેટ્રોલિયમ કિંમતો તળીયે છે છતાં ભારતમાં પેટ્રોલ-ડીઝલમા ભાવ ઘટાડો થયો નથી. એક સીધી વાત છે કે માંગ કરતાં સપ્લાય વધી જાય ત્યારે કોઈ પણ ચીજ વસ્તુઓના ભાવોમાં ઘટાડો થાય...... પરંતુ ભારતમાં લોકોને તેનો લાભ જ નથી મળ્યો.ઉલટાનો ભાવ વધારો થતો રહ્યો છે. જીવન જરૂરી ચીજ વસ્તુઓનું ટ્રાન્સપોર્ટેશન કરવામાં આવે છે તેમા પેટ્રોલિયમ પેદાશોનો ઉપયોગ થાય છે જેથી જીવન જરૂરી સહિતની તમામ ચીજવસ્તુઓના ભાવો વધ્યા છે. ટૂંકમાં આમ પ્રજા પર મોટું કર ભારણ આવી પડ્યું છે. જોકે જીએસટી અંતર્ગત પેટ્રોલ-ડીઝલ પેદાશો લાવવામાં આવે તો તેની કિંમતોમાં મોટો ઘટાડો થઈ શકે તેમ છે. પરંતુ સોનાના ઈંડા આપતી પેટ્રોલિયમ પેદાશો કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારો જીએસટીમા લાવવા તૈયાર નથી.....! જેતે સમયે ભાજપ તથા ભાજપ સમર્થિત સરકારો ૨૨ રાજ્યોમાં હતી પરંતુ પેટ્રોલ-ડીઝલ જીએસટી અંતર્ગત ન લાવી કે ના તેને લાવવાના પ્રયાસો પણ કર્યા..... જો પેટ્રોલ-ડિઝલ જીએસટી અંતર્ગત હોત તો દેશ ભરમાં એક સરખો ટેક્ષ હોત અને મોંઘવારી પણ બેફામ બની ન હોત... અને પેટ્રોલ-ડીઝલ સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓની કિંમતો વધી ન હોત.....!**

# સુભાષચંદ્ર બોઝની પુત્રી અનિતા શું કહે છે?


આનંદબજાર પત્રિકા અખબારમાં ૨૩ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ સુભાષચંદ્ર બોઝની પુત્રી અનિતા બોઝનું ઈન્ટરવ્યૂ પ્રકાશિત થયેલ છે; જે સમજવા જેવો છે.

અનિતા કહે છે : “મારા પિતા માટે દેશપ્રેમનો અર્થ હતો ભારતના દરેક ધર્મના લોકોનો સહયોગ. કેવળ ભારત નહીં, બંગાળી સંસ્કૃતિનું મૂળ સૂર હિન્દુ-મુસ્લિમ એકતા છે. સત્તાપક્ષની સાંપ્રદાયિકતા, નેતાજીના આદર્શોથી વિરુધ્ધ છે. વડાપ્રધાન સિવાય સતાપક્ષના એક પણ વ્યક્તિને નેતાજીના ઘરમાં પ્રવેશની મંજૂરી નહી આપવાનો અમે નિર્ણય કર્યો છે !”

સુભાષચંદ્ર સામાજિક/ધાર્મિક સદભાવનાના આગ્રહી હતા. ૧૬ ડીસેમ્બર ૧૯૩૮ ના રોજ, કોંગ્રેસ અધ્યક્ષ તરીકે સુભાષચંદ્રે કોંગ્રેસના સભ્યોને ‘હિન્દુમહાસભા’ કે ‘મુસ્લિમલીગ’ના સભ્ય થવા ઉપર પ્રતિબંધ લગાવ્યો હતો ! તે વખતે હિન્દુમહાસભાના અધ્યક્ષ સાવરકર હતા ! ૧૯૪૦ માં સુભાષચંદ્રએ લખ્યું હતું : “હિન્દુમહાસભા અને મુસ્લીમલીગ બન્ને સાંપ્રદાયિક દળ છે; સમયની સાથે સાથે બન્ને દળ કટ્ટરપંથી થતા જાય છે !” સાંપ્રદાયિકતાનું પરિણામ શું હોઈ શકે; તે સુભાષચંદ્ર જાણી ચૂક્યા હતા. ૧૯૪૨ માં ગાંધીજીએ ‘ભારત છોડો’ આંદોલન શરુ કર્યું ત્યારે સાવરકરે કહ્યું : ‘સ્ટિક ટૂ યોર પોસ્ટ !’ જ્યાં છો ત્યાં વળગેલા રહો ! હિન્દુમહાસભાના પદાધિકારીઓને ભારત છોડો આંદોલનથી દૂર રહેવા આદેશ કર્યો હતો ! જ્યારે આખો દેશ અંગ્રેજો સામે હતા ત્યારે હિન્દુમહાસભાના નેતા શ્યામાપ્રસાદ મુખર્જી અંગ્રેજ અધિકારીઓને કહેતા હતા કે કઈ રીતે આંદોલનને કચડી શકાય ! કચડવાના તરીકા શિખવાડતા હતા ! આઝાદી માટે લડતા નેતાઓની માહિતી અંગ્રેજોને પહોંચાડતા હતા ! આ બધું દસ્તાવેજોમાં છે. સુભાષચંદ્રે કહ્યું હતું : “મારા મનમાં કોઈ સંદેહ નથી કે આપણા દેશની મુખ્ય સમસ્યાઓ ગરીબી/અશિક્ષા/બિમારી/કુશળ ઉત્પાદન અને વિતરણનું સમાધાન માત્ર સમાજવાદી રસ્તે જ થઈ શકે છે. યાદ રાખો, સૌથી મોટો અપરાધ અન્યાય સહન કરવો અને ખોટા સાથે સમાધાન કરવાનો છે !” હાલના સત્તાપક્ષને આ વિચાર સાથે શું લેવાદેવા? સત્તાપક્ષ, મત મેળવવા સુભાષચંદ્રના નામે લોકોને ભ્રમિત કરે છે ! સત્તાપક્ષ એવો દેખાવ કરે છે કે સુભાષચંદ્ર બોઝ પણ અમારી વિચારધારાનું સમર્થન કરતા હતા ! આ સુભાષચંદ્ર બોઝનું અપમાન છે. આવું અપમાન કરનારને આપણે વગર વિચાર્યે તાળીઓથી વધાવીએ છીએ !જિ

# સદાબહાર સુર - ૫

## અવિનાશ વ્યાસ




સદાબહાર એટલે હંમેશ પ્રફુલ્લર હેતું,સદાખીલીરહેતુંપ

આમ જોવા જઈએતો આ વાતફૂલોમાટેથતીહોયએમ જ વિચારીએપરંતુઆપણે છેલ્લાકેટલાકસમયથીવાતકરીએછીએ સદાબહારસૂરનીએટલેકે અવિનાશવ્યાસનીઅવિસ્મરણીય રચનાઓનીજેસાંભળતાઆપણેખુદપ્રફુલ્લિત થઈઉઠીએછીએ.

કેટલીક વ્યક્તિઓમાટેસમયજતાં લૅજન્ડશબ્દપ્રયોગ કરવામાંઆવેછે. એ લોકોલૅજન્ડરીઅર્થાતકેવળદંતકથામાંઆવતાપાત્રોતરીકેચિરસ્થાયીબની જાયપરંતુઅવિનાશવ્યાસમાટે, એમનીરચનાઓમાટે સદાબહારશબ્દ આજે અને ભવિષ્યમાં પણઅંકિતથઈનેરહેશે.

આ એક જ શબ્દકાર, સ્વકારઅને ગીતકારે અઢળક ગીતો ગુજરાતીઓને, ગુજરાતી ભાષાને આપ્યાછેઅનેએટલામાટે જ એમનામાટેએવુંકહેવાયકે તેમણે એક ગીતનગર ઊભું કર્યું છેતોજરાયઅતિશયોક્તિનહીંલાગે.એમલાગેકેજાણેઆ કલા તેમનામાં જન્મજાત હશે..

ગયાવખતેઆપણેએમણેરચેલાહુતૂતૂતૂ ગીતની વાતકરીહતી. સાવઅચાનકરમતાંરમતાંથઈગયેલી એ રચનાપાછળએમનાકૌશલ્યનોપાયોતોસાવનાનપણમાં જ મંડાયોહશેએનીઆજેવાતકરવીછે.

આ વાતતોઆપણેએમનેઓળખતાથયા એ પહેલાંનીછે.

તેઓ નાનાં હતાં અને હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા તેઓ અમદાવાદના કાંકરિયા વિસ્તારમાં આવેલી ‘પ્રોપ્રાયટરી’ હાઈસ્કૂલમાં ભણતાં હતાં જે અત્યારે ‘દિવાન બલ્લુભાઈ હાઈસ્કૂલ’ તરીકે ઓળખાય છે. તેઓ ભણતા હતા ત્યારે એક દિવસ વર્ગમાં ભાષાનો પિરિયડ હતો. તેમના ભાષાના શિક્ષકે વર્ગમાંના બધાં વિદ્યાર્થીઓને નિબંધ લખવાનું કામ સોંપ્યું હતું. તે પિરિયડ પૂરો થતાં શિક્ષકે બધાં વિદ્યાર્થીઓની નોટબુકો એકઠી કરી લીધી. શિક્ષકે તે બધી નોટોમાં લખેલો નિબંધ વાંચવા માંડ્યો. વાંચતા વાંચતા એક વિદ્યાર્થીની નોટબુકમાં તેમને નિબંધની જગ્યાએ એક ગીત વાંચવામાં આવ્યું. ગીત બહુ જ સુંદર હતું. વર્ગ શિક્ષકે તે સમયના શાળાના સંચાલક શ્રી દિવાન સાહેબને વર્ગમાં બોલાવ્યા. તેમણે દિવાન સાહેબને તે ગીત વાંચવા માટે નોટ આપી. દિવાન સાહેબે તે ગીત વાંચ્યું. તેઓ તો એટલા બધા ખુશ થઈ ગયા કે તેમણે તેની પીઠ થાબડીને શાબાશી આપી. ત્યારબાદ અચાનક જ બોલી ઊઠ્યા : ‘અલ્યા છોકરા ! તું તો ગુજરાતનો રવીન્દ્રનાથ થવાનો છે કે શું ?’ પરંતુ આ નાનકડા નાગર છોકરાએ જવાબ આપ્યો : ‘ના જી સાહેબ, હું તો ગુજરાતનો અવિનાશ વ્યાસ થવાનો છું !’ – આવો હતો એમનો આત્મવિશ્વાસ અને એક ગુજરાતી તરીકેનું સ્વાભિમાન હતું. આજે વર્ષો પછી પણ તેમના શબ્દો સાચા પડ્યા છે અને તેમના ગીતો અને ગરબા લોકહૃદયમાં ગૂંજી રહ્યા છે.

સાવનાનીઉંમરેઆવી આંતરિકસ્ફુરણાથવી એ જ દર્શાવેછેકેઆગળજતાં આ બાળકકેવુંકાઠુંકાઢશેપપ નાનપણથી જ તેમનેમળેલા આવરસામાટે ખાતરીપૂર્વક એમકહીશકાયકે એ વારસો માતા મણીબેન તરફથીમળ્યોહશેકારણકેમણીબેનમાં પણ સંગીત અને સાહિત્યના સંસ્કાર હતા. તેઓ પણ તે સમયમાં ગરબા લખતાં હતાં.

યુવાન અવિનાશવ્યાસનીકારકીર્દિનીશરૂઆતમિલનીનોકરીથીથઈ. એકદિવસમિલનાસમારંભમાંતેમને મિલમજૂરની ભૂમિકા ભજવવાની હતીતેમાંએમણે એક ગીત ઉપાડ્યું : ‘કોઈ કહેશો ચાંદલિયો શાને થયોપ?’ અને શ્રોતાઓએ તે ગીતને ખૂબ જ હર્ષભેર વધાવી લીધું.

અને પછી એમના જીવનનોજાણે પ્રવાહ જ બદલાઈ ગયો. તેમણે મિલની નોકરી છોડી દીધી અને નસીબ અજમાવવા માટે મુંબઈ ગયા. મુંબઈના આકાશવાણી નહીંભારતભરનાસંગીતનાચાહકોએ તેમના મધુર કંઠ અને અર્થપૂર્ણ સ્વરરચનાને આવકારી લીધીઅને પછીતો જે સર્જાયો એનેઈતિહાસ જ કહીશકાયને? મઝાનીવાતતો એ છેકેરેડીયોપરથી પ્રસારિતથતાગીતોથીમાંડીનેઆજના ડિજિટલયુગમાંપણઅવિનાશવ્યાસનાગીતો અણનમછે.




# કેન્દ્ર સરકારે પાકિસ્તાનની ચાલથી સતર્ક રહેવાની જરુર છે: અમરિંદર સિંહ

ચંડીગઢ,તા.૩૦

પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે સિંઘુ બોર્ડર પર થયેલી હિંસાની પાછળ પાકિસ્તાનનો હાથ હોવાનું ગણાવ્યું છે. અમરિંદર સિંહે પંજાબને અશાંત કરવાની પાકિસ્તાનની ષડયંત્રને લઈને કેન્દ્ર સરકારને સતર્ક કર્યા છે.

તેમણે કહ્યું કે પંજાબના અશાંત રહેવાથી પાકિસ્તાને ફાયદો થાય છે. પંજાબના સીએમ કેન્દ્ર સરકારને ચેતવ્યા છે કે ખેડૂત આંદોલનની શરુઆતથી પાકિસ્તાન સતત ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યુ છે. પાકિસ્તાન તરફથી સતત પંજાબ બોર્ડર પર ડ્રોનની મદદથી હથિયાર મોકલી રહ્યુ છે. એક ઈન્ટરવ્યૂહમાં કેપ્ટન અમરિંદર સિંહે કહ્યું કે કેન્દ્ર સરકારને પાકિસ્તાનની ચાલથી સતર્ક રહેવાની જરુર છે. પાકિસ્તાન પંજાબ બોર્ડર પર સતત ડ્રોનની મદદથી હથિયાર, પૈસા અને હેરોઈનનો સપ્લાય કરી રહ્યું છે. અમરિંદર સિંહે કેન્દ્ર સરકારને ચેતવતા કહ્યુ છે કે પાકિસ્તાનમાં રહેલા આતંકવાદીઓ ભારતમાં પોતાના સ્લીપર સેલને એક્ટિવેટ કરી શકે છે. કેપ્ટન અમરિંદર સિંહે કહ્યું કે તે ત્યાં લાંબા સમયથી કેન્દ્રને ચેતવણી આપતા રહ્યા છે કે પાકિસ્તાન ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. કેપ્ટને કહ્યું કે દિલ્હીમાં જયારથી કૃષિ કાયદાના વિરોધમાં આંદોલન શરુ થયું છે ત્યારથી પાકિસ્તાન આ કૃત્ય કરી રહ્યું છે. જ્યારે નવેમ્બરમાં જયારે ખેડૂત આંદોલન દિલ્હી સિફ્ટ થયું ત્યારે તેઓ ગૃહ મંત્રી અમિત શાહને મળ્યા ત્યારે પણ તેમને આ અંગે ચેતવ્યા હતા.

## રાજ્યના ચાર મહાનગરમાં નાઈટ કર્ફ્યૂ યથાવત, લગ્નમાં ૨૦૦ લોકોને મંજૂરી

# ૧ ફેબ્રુઆરીથી રાત્રે ૧૧થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રી કર્ફ્યુ

*અમદાવાદ,તા.૩૦*

રાજ્યનાં ૪ મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂને લઈને પણ મોટો નિર્ણય લેવાયો છે. એના આધારે હવે ગુજરાતનાં ૪ મહાનગરોમાં ૧૫ ફેબ્રુઆરી સુધી રાત્રિ કર્ફ્યૂ યથાવત્ રાખવામાં આવ્યો છે. હવે રાતના ૧૧થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યૂ યથાવત્ રહેશે, સાથે જ લગ્ન પ્રસંગ માટે ૧૦૦ વ્યક્તિની પરવાનગીમાં પણ સરકાર દ્વારા ફેરફાર કરાયો છે. જેથી હવે જાહેરમાં લગ્ન પ્રસંગમાં ૧૦૦ને બદલે ૨૦૦ વ્યક્તિને છૂટ આપવામાં આવી છે. કોરોના કહેરને કારણે લગ્ન સમારંભની સંખ્યા ઘટી ગઈ છે, જેને ધ્યાનમાં લઈને સરકારે મહેમાનોની સંખ્યા વધારવાનો નિર્ણય લીધો છે. હવે ૨૦૦ લોકો લગ્નમાં હાજરી આપી શકશે, પરંતુ કોરોનાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે, જેમાં ફરજિયાત માસ્ક, સેનિટાઈઝર સહિતની વ્યવસ્થા રાખવી જરૂરી રહેશે. જો નિયમનો ભંગ થશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. ગૃહના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે જણાવ્યું હતું કે છેલ્લા ચાર મહિનાથી સમગ્ર દેશમાં કોવિડ-૧૯ના એક્ટિવ કેસમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. એટલું જ નહીં, ગુજરાતમાં તો રાજ્ય સરકારનાં સઘન આરોગ્યલક્ષી પગલાં અને લોકોની સક્રિય અને સહયોગથી કોરોના સંક્રમણનો વ્યાપ મહદંશે ઘટાડી શકાયો છે.

રાજયમાં પેશન્ટ રિકવરી રેટ ૯૩.૯૪ ટકા સુધી લઈ જવામાં સફળતા મળી છે, જેથી હવે કેટલાક નિયમો હળવા કરવામાં આવી રહ્યા છે. હવેથી હોલ–હોટલ-બેક્વેટ હોલ–ઓડિટોરિયમ-કમ્યુનિટી હોલ-ટાઉન હોલ-જ્ઞાતિની વાડી જેવાં બંધ સ્થળોએ સામાજિક – ધાર્મિક-મનોરંજન કે અન્ય સમારોહ-કાર્યક્રમો માટે સ્થળની કેપેસિટીના ૫૦ ટકાની મર્યાદામાં સંખ્યા રાખી શકાશે, સાથે જ પાર્ટી પ્લોટ-ખુલ્લાં મેદાનો-કોમન પ્લોટ કે અન્ય ખુલ્લાં સ્થળોએ મેળાવડા-સમારોહ માટે માસ્ક-સોશિયલ ડિસ્ટન્સ-હેન્ડ સેનિટાઇઝર સહિતની જીંનું ચુસ્ત પાલન કરવું પડશે. ગુજરાત સહિત દેશમાં કોવિડ-૧૯ સંક્રમણને રોકવા અંગેની ભારત સરકારના ગૃહ મંત્રાલયે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના નિર્દેશો મુજબ ૨૭જાન્યુઆરીએ બહાર પાડેલી માર્ગદર્શિકાનું ગુજરાતમાં પણ ચુસ્તપણે પાલન ૧લી ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી સુધી કરવાનું રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવ્યું છે. ગૃહના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે રાજ્ય સરકારના આ નિર્ણયની જાહેરાત કરી હતી. પંકજકુમારે કહ્યું હતું કે રાજયમાં કન્ટેન્મેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં તમામ પ્રવૃત્તિઓ પૂર્વવત ચાલુ રાખી શકાશે, પરંતુ કેટલીક પ્રવૃત્તિઓ સંદર્ભે નિયત કરાયેલી જીંનું ચુસ્તપણે પાલન કરવું પડશે. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે રાજયનાં ચાર મહાનગર-અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં આગામી ૧૫ ફેબ્રુઆરી સુધી રાત્રિ કર્ફ્યૂનો અમલ રાત્રે ૧૧થી સવારના ૬ વાગ્યા સુધી કરવાનો રહેશે. જિલ્લા સત્તાધિકારીઓ-સ્થાનિક સત્તાધિકારીઓએ કોવિડ-૧૯ અંગે યોગ્ય વર્તણૂકને ઉત્તેજન આપવા તેમ જ લોકો ચહેરાને યોગ્ય રીતે ઢાંકી રાખે, વારંવાર હાથ ધોવે અને સ્વચ્છ રાખે તેમજ સોશિયલ ડિસ્ટંસિંગનું પાલન કરે એ સુનિશ્ચિત કરવાનાં તમામ પગલાં લેવાનાં રહેશે. નેશનલ ડાયરેક્ટિવ્ઝ ફોર કોવિંડ-૧૯ મેનેજમેન્ટનું સમગ્ર રાજયમાં ચુસ્તપણે પાલન પણ કરવાનું રહેશે.

## ક્લાર્કથી કલેક્ટર અને સરપંચથી સાંસદ સુધી પાટીદાર જોઈએ

# ગુજરાતનો જીડીપી કોઈ વધારી શકતું હોય તો એ પાટીદાર સમાજ છે: નરેશ પટેલ



*ઊંઝા,તા.૩૦*

રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા લેઉઆ-કડવા પટેલો એક થયા છે. લેઉઆ અને કડવા પાટીદારોએ એક થઈને એકતાના દર્શન કરાવ્યા છે. સામાજિક, રાજકીય અને આર્થિક રીતે સમાજને એક કરવા બંને સમાજના અગ્રણીઓએ હાંકલ કરી છે. લેઉઆ અને કડવા પાટીદારોના અગ્રણીઓએ હાંકલ કરી કે, લેઉઆ-કડવા પાટીદારો સમાજના તમામ પ્રશ્નોનો મળીને સામનો કરશે. ખોડલધામના પ્રમુખ નરેશ પટેલે જણાવ્યું કે, બંને સમાજ એક થઈને કામ કરશે તો બંને સમાજને ફાયદો થશે. નોંધનીય છે કે, પાટણના સંડેર ખાતે નવા ખોડલધામનું નિર્માણ થવાનું છે અને એ મંદિરની તૈયારી માટે ખોડલધામના પ્રમુખ સહિત ૨૦ આગેવાનો સંડેરની મુલાકાતે પહોંચ્યા છે. આ મુલાકાત પહેલા નરેશ પટેલે ઉમિયા ધામના પ્રમુખ અને ટ્રસ્ટીઓ સાથે મહત્વની બેઠક યોજી અને ઊંઝા ઉમિયાધામમાં શિશ ઝુકાવી મા ઉમિયાના આશીર્વાદ પણ લીધા. પાટીદારોની બેઠકનો હેતુ સમાજમાં એકતા સ્થાપિત કરવાનો હોવાનું સમાજે જણાવ્યું હતું. આ બેઠકમાં રાજકીય ઉપરાંત પાટીદાર સમાજના ઉત્થાનને લગતા પ્રશ્નોની પણ ચર્ચા-વિચારણા કરવામાં આવી. શિક્ષણ ઉત્થાન ઉપરાંત સમાજમાં રહેલા સામાજીક દૂષણ દુર કરવા અને અભ્યાસ બાદ નોકરી ન મળવા અંગે ચર્ચા કરી ઉપાયો વિશે વિચારણા કરવામાં આવી. ઝી ૨૪ કલાક સાથેની વાતચીતમાં ખોડલધામના પ્રમુખ નરેશ પટેલે કહ્યું કે, પાટીદારોની શક્તિ વધે તેવો ઉદ્દેશ છે. દેશના દરેક યુવાનોએ રાજકારણમાં આવવું જોઈએ અને પાટીદાર યુવાનો પણ રાજકારણમાં આવશે. ઊંઝાથી પાટણ બલિશના ગામે ઠેર ઠેર નરેશ પટેલનું સ્વાગત કરાયું હતું. મોટી સંખ્યામાં પાટીદાર સમાજના લોકો ઉમટી પડ્યા હતા. નરેશે પટેલે વધુમાં જણાવ્યું કે, માના મંદિરના પરિસરમાં આવીને ધન્યતા અનુભવાઈ છે. વડીલો અને યુવાનોએ જે સ્વાગત કર્યું એ સદાય સ્મરણીય બની રહેશે. કડવા પટીદાર સમાજની ટીમ અને તેમના કાર્યોને ખૂબ અભિનંદન. ગુજરાતનો જીડીપી કોઈ વધારી શકતું હોય તો એ પાટીદાર સમાજ છે. પાટીદાર દરેક ક્ષેત્રે આગળ છે. ઉદ્યોગ, શિક્ષણ કે પછી અન્ય ક્ષેત્ર કેમ ન હોય.

જોકે હજુ કંઈક ઘટે છે એ છે સંગઠન, હજુ આપણે મહદંશે સંગઠિત થયા છીએ. ટાંટિયા ખેંચ એ માનવ સહજ સ્વભાવ છે. જો સામેવાળો ન સુધરે તો આપણે સુધરી જવાનું. બે જગ્યાએ આપણી નોંધ નથી લેવાતી. એક અધિકારી સ્તરે અને બીજી રાજકીય સ્તરે. આપણા એટલા અધિકારી નથી કે નોંધ લેવાય. ક્લાર્કથી કલેક્ટર સુધી પાટીદાર હોવો જોઈએ. સંરપંચથી સાંસદ સુધી પાટીદાર હોવો જોઈએ. મણિ કાકાને જોઈને હું રિચાર્જ થયો છું. એ દિશામાં આપણે આગળ વધવાનું છે. સાથે મળી જેટલું ખૂટતું હોય એ ભેગું કરીએ.

# અરવલ્લી : છેલ્લા ૧૧ વર્ષથી ફરાર બુટલેગરને અમદાવાદથી ઝડપી પાડતી ધનસુરા પોલીસ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે અપહરણ,ગુમ થયેલ અને વણઉકેલ્યા ગુન્હાનો ભેદ ઉકેલવા અને નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા જીલ્લા પોલીસતંત્રને માર્ગદર્શન અને સૂચના આપતા સ્થાનિક પોલીસ અને વિવિધ એજન્સીઓ સતત દોડધામ કરી રહી છે ધનસુરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનના ગુન્હામાં છેલ્લા ૧૧ વર્ષથી નાસતા-ફરતા બુટલેગરને ધનસુરા પોલીસે બાતમીના આધારે અમદાવાદ જશોદાનગર વિસ્તારમાંથી ઝડપી લીધો હતો મોડાસા સબ જેલમાંથી વચગાળાના જામીન પર છૂટી ફરાર કાચા કામના કેદીને પેરોલ ફર્લો ટીમે રાજકોટમાંથી દબોચી લઈ પરત જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો ધનસુરા પોલીસ સ્ટેશનમાં ૧૧ વર્ષ અગાઉ મનીષ કાનજીભાઈ બારોટ સામે પ્રોહીબીશનનો ગુન્હો નોંધાયો હતો છેલ્લા ૧૧ વર્ષથી પોલીસને હાથતાળી આપતા બુટલેગરને ધનસુરા પોલીસે બાતમીના આધારે અમદાવાદ જશોદાનગર વિસ્તારની અક્ષરધામ સોસાયટીમાંથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો ૧૧ વર્ષ અગાઉ નોંધાયેલ પ્રોહીબીશના ગુન્હાના આરોપીને ઝડપી લેતા જીલ્લામાં વિવિધ ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓ અને બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે

અરવલ્લી પેરોલફર્લો પીએસઆઈ કે.એસ.સીસોદીયા અને તેમની ટીમે પેરોલ જમ્પ કરી ફરાર ભિલોડા તાલુકાના રાણીઓડ ગામના અને મોડાસા સબજેલમાં કાચા કામના કેદી પારસ જીવાભાઈ ખરાડીને બાતમીના આધારે રાજકોટના આજીડેમ વિસ્તારના ગુલાબનગરમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# દોઢ વર્ષના બાદ ૫ હજારથી વધુ ઘરવિહોણા પરિવારોના ઘરના ઘરનું સપનું પૂર્ણ થશે

અમદાવાદ,તા.૩૦

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા ૨૦૧૯ની દિવાળી વખતે રૂ.૩૦૦ કરોડથી વધુના ખર્ચે અમદાવાદ શહેરમાં ઘરવિહોણા પરિવારો માટે ઈડબલ્યુએસ ફેઝ ૫ના ૫,૦૪૮ મકાનોનો ડ્રો કરવામાં આવ્યો હતો પણ પછી નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ અને કોરોના મહામારીના કારણે ડ્રો થયા બાદ પણ કોઈ આગળની કાર્યવાહી થઈ શકી ન હતી. હવે દોઢ વર્ષના લાંબા સમયગાળા બાદ ૫,૦૦૦થી વધુ ઘરવિહોણા પરિવારોના ઘરના ઘરનું સપનું પૂર્ણ થશે. અમદાવાદ મ્યુનિ.એ તાજેતરમાં ઈડબલ્યુએસ ફેઝ-૫ના લાભાર્થીઓનું ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા શરૂ કરી છે. આમ, અમદાવાદ મ્યુનિ.ની ચૂંટણી બાદ આ તમામ લાભાર્થીઓને ઘરનું ઘર મળી શકશે. અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા ૨૦૧૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી બાદ અમદાવાદ શહેરમાં ઘરવિહોણા પરિવારો માટે ઈડબલ્યુએસ અને એલઆઈજીના મકાનો આપવાની જાહેરાત કરી હતી. ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી બાદ ઈડબલ્યુએસ અને એલઆઈજીના ૧૦ હજાર મકાન બાંધવામાં આવ્યા હતા. રૂ.૨૯૧.૧૨ કરોડના ખર્ચે ઈડબલ્યુએસના ૫૧૫૮ મકાન બાંધ્યા હતા જ્યારે રૂ.૫૧૧.૬૨ કરોડના ખર્ચે ન્ના ૪૯૮૫ મકાનો બાંધ્યા હતા પછી એલઆઈજી મકાનોમાં અરજદારોનો ઓછો ધસારો છે તેમ કહી આ યોજના બંધ કરી દીધી હતી પછી માત્ર ઈડબલ્યુએસ મકાનો બાંધવાનું શરૂ કરાયું હતુ. જેમાં ઈડબલ્યુએસ ફેઝ-૨થી ઈડબલ્યુએસ ફેઝ-૬ સુધીમાં ૨૫,૯૦૦ મકાનો બાંધવાની જાહેરાત કરાઈ હતી જેની પાછળ રૂ.૧૭૯૭.૩૩ કરોડનો ખર્ચ નક્કી કરાયો છે જે પૈકી ઈડબલ્યુએસ ફેઝ-૨થી ૪ સુધીના મકાનોનું પઝેશન અપાઈ ચૂક્યું છે જ્યારે ફેઝ-૫નો દિવાળીમાં ડ્રો કરાયો હતો જેનું ડોક્યુમેન્ટ વેરિફીકેશન કરાઈ રહ્યું છે.

# ઈડર ખેતીવાડી ઉત્પન્ન બજારની ચૂંટણી યોજાઈ

ઈડર માર્કેટયાર્ડ ના સભાખંડમાં ખેડૂત વિભાગની ૧૦ તથા યાર્ડ પરિસરના હોલમાં વેપારી વિભાગની ૪ બેઠકો માટે મતદાન હાથ કધરાયુ હતું ખેડૂત વિભાગના ૧૭ ઉમેદવારો પૈકી ૭ ઉમેદવારોએ ટેકો જાહેર કર્યો હોઈ આ વિભાગમાં ૧૦ પસંદગીના ઉમેદવારોને ૧૦-૧૦ મત આપવાની સમજૂતી કરેલ હતી જેના ભાગરૂપે છેલ્લી ઘડીએ કોઈ રાજ રમત ના રમાય તો ખેડૂત વિભાગના ૧૦ ઉમેદવારો નિશ્ચિત છે જયારે વેપારી વિભાગની ૪ બેઠકો માટે રસાકસી ભર્યો જંગ ખેલાયો છે અહીં ૪ બેઠકો માટે ૮ ઉમેદવારો છે જેનું ૧૫૮ મતદારો આ ૪ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે વેપારી વિભાગમાં મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો વહેલી સવારથીજ ઉમેદવારો અને તેમના ટેકેદારો મતદારોને મતદાન મથક સુધી ખેંચી લાવતા જોવા મળ્યા હતા જોકે ક્રોસ વોટિંગની શક્યતાઓને કારણે આ વિભાગના ઉમેદવારો ભારે ટેનશનમાં જોવા મળ્યા હતા રવિવારે સવારે મત ગણત્રી બાદ જો અને તો ની પરિસ્થિતિ પરથી પરદો ઉચકાય બાદ સાચી સ્થિતિ સામે આવી જશે.

માલજીભાઈ દેસાઈ ઈડર

# રાજપીપળામાં ઘરફોડ ચોરી ડિટેક્ટ કરી બે આરોપીઓને ઝડપી પાડતી એલસીબી નર્મદા પોલીસ

રાજપીપળા, તા. ૩૦

નર્મદા જિલ્લામાં બનતા મિલકત ગુનાના કામે બાતમીદારો રોકી ગુના ડિટેક્ટર કરવા એલસીબી પીઆઇ એમ પટેલે જણાવતા અ.હે.કો અશોકભાઈ ભગુભાઈ તથા અ.હે.કો વિજયભાઈ ગુલાબસિંગ એ રાજપીપળા પોલીસ સ્ટેશનમાં આ ગુનાના કામે બાતમી મળેલ કે રાજપીપળા કસ્બાવાડ ખાતે રહેતા જુનેદ સલીમભાઈ મન્સૂરી તથા અરબાદ સકિલભાઈ મન્સૂરી કરેલ હોવાની ચોક્કસ બાતમીના આધારે બંને આરોપીઓને રાજપીપરા ખાતેથી ઝડપી આ બંને આરોપીઓને એલસીબી સ્ટાફ દ્વારા યુક્તિ-પ્રયુક્તિ થી પુછપરછ કરતા તેઓએ આ ચોરી કરેલા ની કબુલાત કરી હતી. અને આરોપીને રોકડ રકમ વિશે પૂછપરછ કરતાં તેમના ઘરમાંથી ગુનાના કામે રોકડ રૂ. ૧૨૯૮૦/- રિકવર કરી આરોપીને રાજપીપળા પોલીસને સોંપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

રપોર્ટ: જ્યોતિ જગતાપ,રાજપીપળા

# શહીદ દિન નિમિત્તે કલેક્ટર કચેરી રાજપીપળા ખાતે અધિકારી,કર્મચારીઓએ બે મિનિટનું મૌન પાળ્યું





રાજપીપલા,તા ૩૦

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે તેવા શહીદોની સ્મૃતિમાં આજે રાજપીપલા કલેક્ટરાલય-જિલ્લા સેવા સદન ખાતે નિવાસી અધિક કલેક્ટર એચ.કે.વ્યાસની ઉપસ્થિતિમાં જિલ્લા સેવા સદનનાં વિવિધ વિભાગોના અધિકારીઓ,કર્મચારીઓએ બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદ વીરોને માન અર્પણ કરીને બે મિનીટનું મૌન પાળ્યું હતું. મોટી સંખ્યામાં કચેરીના કર્મચારીઓએ માસ્ક પહેરીને સોશિયલ ડિસ્ટન્ટ સાથે ઊભા રહીને બે મિનિટનું મૌન પાળીને શહીદોં ને શ્રદ્ધાંજલિ પાઠવી હતી

તસવીર: જ્યોતિ જગતાપ રાજપીપળા

## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી




**"ગુજરાતી થિયેટર આર્ટિસ્ટ અને એક્ટર અરવિંદ જોશી"**

**શરમન જોશીના પિતા અને થિએટર આર્ટિસ્ટ અરવિંદ જોશીનું ૮૪ વર્ષની વયે મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં ૨૯ જાન્યુઆરી, આજ રોજ નિધન. તેઓ ગુજરાતી થિએટર અને ફિલ્મોની સાથે-સાથે 'અપમાન કી આગ', 'શોલે' અને 'ઈત્તેફાક' જેવી બોલિવૂડની ફિલ્મોમાં પણ કામ કરી ચૂક્યા છે.**

**તો 'ચૂંદડી ચોખા' 'કંકુ', 'વેલીને આવ્યાં ફૂલ', 'જનમટીપ', 'રા માંડલિક', 'વેરનો વારસ', 'ડાકુરાણી ગંગા', 'ઘેર ઘેર માટીના ચૂલા', 'ગરવો ગરાસિયો', 'ઢોલા મારૂ', 'નાણાં વગરનો નાથિયો', 'ફૂટપાથની રાણી', 'વણઝારી વાવ' જેવી સંખ્યાબંધ ગુજરાતી ફિલ્મોમાં કામ કરી ચૂક્યા છે અરવિંદ જોશી.**

**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક,જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક તેમજ સાહિત્ય સરીતા ગ્રુપ પરિવાર વતી પ્રદીપ રાવલ**




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ







**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની છેલ્લે આપેલ વિષય (સોગઠું,ચોપાટ,ખેલ) પૈકી સાત પદ્ય રચનાઓ આજે પ્રસિદ્ધ કરવામાં આવી છે.**

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling : 9824653073

નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ (વડોદરા

---

**NOG SS No - 0068**
વિભાગ - પદ્ય
શબ્દ - ચોપાટ
શીર્ષક - જીવનની ચોપાટ!

દરરોજ અહીં રમાતો હોય ચોપાટ,
આ ધરતી પણ છે સપાટ,
સંબંધને લાગ્યા કરે દરરોજ કાટ,
આ તો છે જીવનની ચોપાટ!
સતાવ્યાં કરે દરરોજ એમની યાદ,
કોને કરું હું આ ફરિયાદ,
નથી દેતું કોઈ અહીંયા દાદ,
આ તો છે જીવનની ચોપાટ!
સોગઠાં લીલા,રાતા,કાળા,પીળા,
પુણ્ય,ક્રોધ,કર્મ,લોભથી હરિયાળા,
બધાનો છે કંઈક અલગ ઘાટ,
આ તો છે જીવનની ચોપાટ!
પૃથ્વી ફર્યા કરે ગોળ ગોળ,
ચોપાટમાં છે સોગઠાં કુલ સોળ,
પાંડવો હાર્યા કૌરવોની સામે ચોપાટ,
આ તો છે જીવનની ચોપાટ!
પૈસા માટે છે અહીં મારામારી,
રમતની ગમ્મત થાય છે અહીં,
પોતાની મૂડી તોય છીએ મોહતાજ,
આ તો છે જીવનની ચોપાટ!
ફેરા ફરવા છે લખ ચાર,
સહુને જવું એક જ ઘાટ,
ઘડી બે ઘડીનો છે સાથ,
આ તો છે જીવનની ચોપાટ!
પત્ની છે છતાં રાખે રખાત,
એ પુરુષ સૌથી છે પછાત,
કહે "ચાંદ" માર એક થપાટ,
મને નથી રમવી જીવનની ચોપાટ!

નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ"
માંડવી કચ્છ

---

**NGO SS No :- 0015**
વિભાગઃ-પદ્ય
વિષયઃ- ખેલ
શીર્ષકઃ- ખેલ મદારી

દેખ તમાશા ખેલ મદારી.
ખેલે અપના ખેલ મદારી.
રંક કો કરદે પલમે રાજા,
બનતા રાજા કબ ભીખારી?
કોઇ ન જાને અપની બારી,
ખેલે અપના ખેલ મદારી.
લેખા જોખા રખતા સબકા,
દેખે પલ્લા કસકા ભારી?
તોલન કરતા બારી બારી,
ખેલે અપના ખેલ મદારી.

મેહુલ ત્રિવેદી ખેરાળી

---

**NOG SS No :- 0082**
વિભાગ- પદ્ય
શબ્દ- ચોપાટ
શીર્ષકઃ શતરંજ ની ચોપાટ

ખેલ દિમાગનો શતરંજનો,
પાસા આડા અવળા રમતાં.
હારમાં શમાણી જીતની રેખા,
ચોપાટ ગુંથી મનનાં મલકમાં.
પ્રતિદ્વંદીનાં ગજબ ભેજામાં,
સોગઠી મારી એક નજરમાં.
ખેલ મે કસ્યો મન દિમાગમાં,
અજબ બાજી લગાવી પળમાં.
હાવી થઇ ને કૂદ્યો ચોપાટે,
નિશાન સ્થિર કરી પલકમાં.
ધર્મ અધર્મ ત્યજી ખેલ ખેલ્યો,
બાજી ગોઠવી સમરાંગણમાં.
આટા પાટા ગરજે દિમાગે,
બાજ નજરથી ગરજે ચેષ્ટા.
જુગાર જીવનમાં ઘણો મોટો,
તાંડવ બનીને આંખે મલક્યો.

ડો અનિરુદ્ધ વ્યાસ,નડિયાદ

---

**NOG SS NO : 0001**
પ્રકાર ; પદ્ય.
વિષય ; સોગઠું,ચોપાટ, ખેલ...
શીર્ષક ; જિંદગી એક ચોપાટ.

જિંદગી એક ચોપાટ....
સૌ કોઈ નાનાં મોટાં ખેલાડી....
રાજા,વજીર, ઘોડો પાસાઓ અપાર...
મારા પછી તારો,તારા પછી મારો...
આવે જરૂર વારો....
ચોપાટ રમે કોઈ, લૂંટાય કોઈ...
કૌરવો,પાંડવોએ પાસા ફેંક્યા...
ચીર, દ્રોપદીના લૂંટાયા...
યુદ્ધ રામ, રાવણ વચ્ચે થયું...
અગ્નિ પરીક્ષા, સીતાની લેવાઈ...
સૌ કોઈ જીત માટે જં લડે આચી હાર,
ને પણ જે ઉત્સવમાં ફેરવે...
એ જ સાચો ખેલાડી..
જિંદગીના ખેલ બધાં સર્જનહારના....
જીવમાત્ર એક પાસા સમાન...

પ્રદીપ રાવલ..ગાંધીનગર

---

**NGO સાહિત્ય સરિતા ( ૧ )**
**NOG SS No :-.- 39**
શબ્દ - સોગઠું/ ચોપાટ / ખેલ
શીર્ષક - જીવનખેલ

જીવન કેરી શતરંજબાજી,
હું રોજ રોજ જીતવા રમું,
સામે હોય ના કોઈ તોય,
એકલી એકલી જ રમું,
આવી જાય સોગઠા બની સંબંધો,
રમે એમનો દાવ,
મિત્ર સાથે રાખું મિત્રતા,
દુશ્મન સાથે ય દોસ્તનો ભાવ!
ધાર્યા પાસા ના પડે ત્યારે,
મારાં પ્યાદા પડતાં જાય,
જીતને આરે હારતી જઉં દાવ,
એ જીવન કહેવાય!
સમય ધારે તો જીતાડે,
ખીજાય તો ભોંયભેગા કરે!
એકાએક ચેકમેટ આપી દે!
માર એનો જોરદાર પડે!
હોવ માહેર તોય હંફાવી દે!
સમયનો મનમોજી તકાજો,
વિધાતાનાં હાથનાં સોગઠા સહુ,
રાખો સમયનો મલાજો,
બાજી ગોઠવી રિઝવે રમવા,
જિંદગી બની શતરંજ!
નીતિ નિયમો પ્રકૃતિએ રચ્યાં,
જીવન કેવું મનોરમ્ય!
હાર જીત ઉપરવાળો જાણે!
પારખીને લગાવે મહોર!
ચાલ ગમે તેવી ચાલો,
પોતાના જ હરાવી કરે તોર!
ઊંધું નાંખો તો પડે સીધું ને,
નાંખો સીધું તો થાય ઊલટું,
વિવશ છતાંય રમતા રહેવું ,
એને જ કહેવાય જુગટુ!
રમી લે તું તારી રમત આખી,
ખેલી લે સઘળાં દાવ,
હારવા છતાં જીવીને જીવન,
જીરવી લે જીવનનાં ઘાવ!

પ્રફુલ્લા"પ્રસન્ના" ,અમદાવાદ

---

સાહિત્ય સરિતા
**NOG SS No : 0081**
વિષયઃ ખેલ,ચોપાટ,સોગઠું.
પ્રકાર : ગદ્ય
શીર્ષક ?: ખેલ .

ખેલ એ તો જીવવા જરૂરી
એનાં વિણ તો ન વાત મધુરી.
હોય એ નટ ,બજાણિયા કે મદારી
જીવના જોખમે કે મર્કટ ,ભાલુ સંગે
ગમે સૌને ન જાણે કોઈ પીડા
એ તો પૂરે તેમના પેટનાં ખાડા.
ક્રિકેટ , ફૂટબોલ , વોલીબોલ કે હોકી
ગલીથી થઈ શરૂ ભરે ઉડાન વિદેશી
ખો-ખો, કબડ્ડી,લગોરી કે લખોટી
ચેસ,કેરમ,સાપસીડી? ને ગંજીફો.
ખેલ કોઈ પણ નિયમ એક જ
રમવું બસ રમવું પણ ન છેતરવું.
ખેલદિલી અને નેકીથી ઝૂકાવી
હરદમ ઉમદા ખેલી ખીલવું.
ખેલ એ તો જીવનનું અંગ
નિર્દોષ અને નિષ્પાપ
ઉંમરનો ન એને કોઈ બાધ
જીવતર એનાથી રહે રંગારંગ.

માયા દેસાઈ મુંબઈ ભારત.

---

**NoG SS NO:004**
વિષયઃ સોગઠું, ચોપાટ, ખેલ
શીર્ષકઃ ખેલદિલી

માંડ્યો ખેલ પાસાનો
ઉલટાં સુલટા પડ્યાંનો,
દાવ ત્યાંતો શકુનીનો
પ્રભુ ક્યો દાવ ખેલદિલીનો માંડ્યો
ચાલ્યા બાણ પંડ સંગનો
ન ઈચ્છ્યા કર્મ કર્યાનો,
માર્ગ તે લાગ્યો કઠિણતાનો,
ખેલ હતો આ શૂન્યતાનો...
.....માંડ્યો
આંખોમાં હતો ભાવ પ્રણયનો
પાંચ પુરૂષની ભાર્યા હોવાનો
રતીભાર ન ડર ન અહંકારનો,
એક હાસ્ય સ્વર પરિહાસનો.
....માંડ્યો
ચડસાચડસી કરતા લાગ્યો દાવનો
ધર્મરાજ હાર્યા સર્વ દાવ પત્નીનો
હક હતો ત્યાં તો બીજા ચાર પુરૂષનો,
જીતવા ચોપાટ પર સોગઠાં ફર્યાનો.
...માંડ્યો
જંગ છેડાયું ને તવારીખ રચ્યાનો
ખેલ જ તો હતો વસ્ત્રાહરણનો, ઈતિહાસ બદલાયો કુરુક્ષેત્રનો, સોગઠું કે ચોપાટ ખેલ જુગારનો.....માંડ્યો

જયશ્રી પટેલ

# ગુજરાતી રંગભૂમિના સુવર્ણ સમયના સાક્ષી "અરવિંદ જોશી" ની વિદાયથી થિયેટર આર્ટિસ્ટ,એક્ટર જગતમાં સન્નાટો,સ્તબ્ધ,શોકમય : વૈભવી જોશી





મને એમ હતું કે ૨૦૨૦નું કારમું વર્ષ જેવું ગયું છે તો આ નવા વર્ષે તો જરા ખમૈયા કરશે પણ ખબર નહિ કેમ લાગે છે કે ઈશ્વરનાં દરબારમાં પણ મનોરંજનની ખોટ પડી છે. એટલે એક પછી એક બહુમુખી પ્રતિભાઓ અનંતની યાત્રા એ નીકળી પડી છે. આજે ગુજરાતી સિનેમાના સુવર્ણ ઈતિહાસના સાક્ષી રહેલા અરવિંદ જોશી પણ આ યાત્રા એ નીકળી પડ્યા.

ગુજરાતી રંગભૂમિનું એક દિગ્ગજ નામ એટલે અરવિંદ જોશી. ઉત્તમ કલાકાર, નાટ્યકર્મી, નિર્માતા અને બોલિવૂડ અભિનેતા અને એ છતાંય મોટા ભાગે સવારથી જ્યાં જુવો ત્યાં શરમન જોશીનાં પિતાનું નિધન થયાના સમાચાર સાંભળી થોડું વધારે દુઃખ પણ થયું. આ એમની સાચી ઓળખ કેવી રીતે હોઈ શકે? એમની ઓળખ શરમન જોશીનાં પિતા કરતા ઘણી વધારે છે. એક આખી પેઢીને આ નામ ખુબ સારી રીતે જાણે છે કે જેમના આમ ચાલ્યા જવાથી ગુજરાતી સિને જગત અને રંગભૂમિને કદી ન પુરાય એવી ખોટ પડી છે.

કદાચ આ એક જ એવું ગુજરાતી પરિવાર હશે જેના પરિવારનાં મોટા ભાગનાં સભ્યો અભિનય ક્ષેત્રે સંકળાયેલા છે. અરવિંદ જોશીને બે ભાઈ પ્રવીણ જોશી અને હેમંત જોશી. હેમંત જોશી એટલે મુંબઈમાં નાટકના મોટા ગજાના કલાકાર, પૃથ્વી થીયેટર અને રાજ કપુર સાથે કામ કરેલું, તેમની પુત્રી પુનમ જોશી પણ અભિનેત્રી. પ્રવીણ જોશીને કદાચ જ કોઈ નહિ ઓળખતું હોય અને જે નહિ ઓળખતું હોય એ ગુજરાતી તો નહિ જ હોય. પ્રવીણ જોશીનાં પત્ની એટલે સરિતા જોશી અને સરિતા જોશી એટલે સ્વ.પદ્મારાણીનાં બહેન. આ બંને દિગ્ગજ નામો જે કોઈ પણ પ્રકારનાં પરિચયનું મહોતાજ નથી. સરિતા જોશીની બંને દીકરીઓ પૂર્બી જોશી અને કેતકી દવે બંને અભિનય ક્ષેત્રમાં ખુબ આગળ પડતા. કેતકી દવેનાં પતિ રસિક દવે પણ એક ઉત્તમ કલાકાર અને એમની દીકરી રિદ્ધિ દવે પણ એટલી જ સરસ અદાકારા.

અરવિંદ જોશીનાં પોતાના બંને સંતાનો શરમન જોશી અને માનસી જોશી રોય. અરવિંદ જોશીનાં પુત્ર શરમન જોશી જે પોતે એક ઉત્કૃષ્ટ અભિનેતા છે અને એમણે પ્રેમ ચોપરાની દીકરી પ્રેરણા સાથે લગ્ન કર્યા છે, જ્યારે તેમની દીકરી માનસી જોશીએ અભિનેતા રોહિત રોય સાથે લગ્ન કર્યા છે. રોહિત રોય એટલે અભિનેતા રોનિત રોયનો ભાઈ. આ બંને ભાઈઓ પણ ખુબ સરસ અભિનેતા. અરવિંદ જોશી અને એમના પરિવારને ધ્યાનમાં રાખી જો આ પંક્તિ હું ટાંકુ કે 'જ્યાં જ્યાં નઝર મારી ઠરે ત્યાં ત્યાં કલાકારોની યાદી ભરી છે' તો એમાં જરાય અતિશયોક્તિ નથી લાગતી.

ઈ.સ. ૧૯૬૧માં 'ચૂંદડી ચોખા' જેવી ગુજરાતી ફિલ્મમાં અભિનય કરનારા અરવિંદ જોશીએ 'કંકુ', 'વેલીને આવ્યાં ફૂલ', 'જનમટીપ', 'રા માંડલિક', 'વેરનો વારસ', 'ડાકુરાણી ગંગા', 'ઘેર ઘેર માટીના ચૂલા', 'ગરવો ગરાસિયો', 'ઢોલા મારૂ', 'નાણાં વગરનો નાથિયો', 'ફૂટપાથની રાણી', 'વણઝારી વાવ' જેવી સંખ્યાબંધ જાણીતી ગુજરાતી ફિલ્મોમાં અભિનય કર્યો હતો. ગુજરાતી નાટ્યજગતમાં તેમણે અભિનેતા ઉપરાંત લેખક, દિગ્દર્શક, નિર્માતા જેવી અનેકવિધ ભૂમિકાઓ ભજવી હતી. અરવિંદ જોશીએ સુગંધનો દરિયો, બરફના ચેહેરા અને દર્પણની આરપાસ જેવા નાટકો પોતે લખ્યા છે. સાથે જ તેમણે ઘણા નાટકો પ્રોડ્યુસ કર્યા છે અને ઘણા નાટકોમાં અભિનય પણ કર્યો છે. તેમના નામે 'એની સુગંધનો દરિયો', 'ખેલંદો', 'બરફના ચહેરા', 'દર્પણની આરપાર', 'સળગ્યાં સૂરજમુખી', 'લેડી લાલકુંવર', 'બાણશૈયા' જેવાં કેટલાય નાટકો બોલે છે.

અરવિંદ જોશીએ ગુજરાતી નાટક ઉપરાંત ઘણી બધી હિન્દી સીરીયલમાં પણ તેમના અભિનયના ઓજશ પાથર્યા હતા. ગુજરાતી ફિલ્મો સિવાય અરવિંદ જોશીએ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ પોતાનું પ્રદાન કર્યું હતું. ક્લાસિક હિટ ફિલ્મ 'શોલે'માં તેમણે અભિનય કરવા ઉપરાંત આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે પણ કામ કર્યું હતું. આ ઉપરાંત તેમણે રાજેશ ખન્ના-નંદા સ્ટારર ફિલ્મ 'ઈત્તેફાક'માં યશ ચોપરાને આસિસ્ટ કર્યા હતા. આ ઉપરાંત ઈ.સ. ૧૯૯૦માં આવેલી ફિલ્મ 'અપમાન કી આગ'માં તેમણે ઈન્સ્પેક્ટર પ્રભાકરની ભૂમિકા ભજવી હતી. સંજય દત્ત-કુમાર ગૌરવને ચમકાવતી મહેશ ભટ્ટની સુપરહિટ ફિલ્મ 'નામ'માં પણ અરવિંદ જોશીએ પૂનમ ધિલ્લોનનાં પિતાની ભૂમિકા ભજવી હતી.

અરવિંદ જોશીએ તેમના ભાઈ પ્રવીણ જોશીની સાથે ખેલંદો, રાહુ કેતુ જેવા આઈએનટી દ્વારા પ્રોડ્યુસ કરાયેલા નાટકોમાં પણ કામ કર્યું છે. પ્રવીણ અને અરવિંદ બંન્ને ઘણાં વરસો આઈએનટીમાં સાથે રહ્યા પછી અરવિંદભાઈએ આઈએનટી છોડવાનું નક્કી કર્યુ અને પૂછયું, "પ્રવીણ હું મારી સંસ્થાનું નામ શું રાખું?" પ્રવીણભાઈ કહે, "અરવિંદ તું આઈએનટી માંથી જઈ રહ્યો છે, પ્રસ્થાન કરી રહ્યો છે તો પ્રસ્થાન જ નામ રાખ" જે એકી અવાજે બધાએ વધાવી લીધું.

દેવેન્દ્ર ભાઈ એ એમના પ્રવીણ ભાઈ વિશેના લેખમાં બંને ભાઈઓનો એક મજાનો પ્રસંગ લખેલો જે એમના જ શબ્દોમાં ટાંકુ છું. "બંને ભાઈઓનું નાટક એટલે 'ખેલંદો'. પ્રવીણ જોશી અને અરવિંદ જોશીનું નાટક, બે જ પાત્રો. એમાં ઈન્ટરવલ પહેલાંની પાંચ મિનિટ પહેલાં અરવિંદને પ્રવીણ સીડી ઉપર રિવોલ્વર ધરે છે અને અરવિંદ પ્રવીણ પાછળ ધીરે ધીરે સીડીનાં પગથિયાં ચડતો હોય એવું દશ્ય છે. Dull light ને Horror music વચ્ચે સીન હોય છે. એક રાત્રે શો પત્યા પછી અરવિંદ પ્રવીણભાઈને અમારી હાજરીમાં કહેતો હતો, 'પ્રવીણ તું આવી રીતે મારી સામે ન જો મને ખરેખર બીક લાગે છે."

ખરેખર ગુજરાતનાં રંગમંચને આગળ વધારવા માટે તેમણે કરેલા પ્રયાસોને હંમેશા યાદ રાખવામાં આવશે. આજે ભલે અરવિંદ જોશી એ સદેહે વિદાય લીધી હોય પરંતુ પ્રેક્ષકોના હૃદયમાં તેઓ સદાયને માટે એક અવિસમરણીય છાપ છોડી ગયા છે. મને એમ હતું કે ગયા વર્ષે નાછૂટકે જેટલી શ્રદ્ધાંજલિ લખવી પડી હતી એટલી આ નવાં વર્ષે ન લખવી પડે એ આશા સાથે ગુજરાતી રંગમંચ અને સિને જગતનાં એક ઝળહળતા સિતારાને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ..!!

– Vaibhavi Joshi.(Australia)

# ગાંધીબાપુના સ્મારક મીની રાજઘાટ ગાંધીજીની ૭૩મી પુણ્યતિથિએ ગાંધીવાદી લોકોએ શ્રદ્ધાંજલિ અર્પી

અરવલ્લી બ્યુરો મોડાસા

આજે ૩૦મી જાન્યુઆરી છે વર્ષ-૧૯૪૭ના જાન્યુઆરીની ત્રીસમી તારીખે સાંજે સાંધ્ય પ્રાર્થના માટે જઇ રહેલ પૂજ્ય બાપુને નથુરામ ગોડસે નામના એક માણસે નજીક જઇને પ્રણામ કરવાનો ડોળ ઘાલીને પોઇન્ટ બ્લેકથી ત્રણ ગોળી મારી દીધી હતી. હે રામ બોલીને બાપુ ત્યાં ને ત્યાં ઢળી પડ્યા હતા.પૂજ્ય બાપુની પુણ્યતિથિને દર વરસે શહીદ દિન તરીકે ઊજવવામાં આવે છે. અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના મહાદેવગ્રામ (બાકરોલ) ખાતે આવેલ ગાંધીબાપુના સ્મારક મીની રાજઘાટ ગાંધી સ્મારક પ્રચલિત છે ૭૩મી પુણ્યતિથિએ ગાંધી વિચારધારા સાથે સંકળાયેલ લોકોએ મીની રાજઘાટ પહોંચી પૂજ્ય બાપુને ભાવભરી




શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મોડાસાના મહાદેવગ્રામ (બાકરોલ)નજીક ડુંગર પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના અસ્થીનું વિસર્જન કરવામાં આવ્યું છે અને સમાધિ સ્થળ બનાવી મીની રાજઘાટમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે ૭૩મી ગાંધીબાપુ ની પુણ્ય તિથિએ પૂર્વ સાંસદ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ, સામાજિક કાર્યકર નિલેશ જોશી,ભાજપ અગ્રણી શામળભાઈ પટેલ,જાયન્ટ્સ મોડાસાના પ્રવીણ પરમાર,પરેશ શાહ સહીત સ્થાનિક અગ્રણીઓ અને ગાંધી વિચારધારા સાથે સંકળાયેલ લોકોએ પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધા સુમન નમન કર્યા હતા જો કે સમયની સાથે અરવલ્લી જીલ્લાના અધિકારીઓ પણ બદલાયા હોય તેમ બાપુને વિસરી ગયા હોય તેમ શ્રદ્ધાંજલિ અર્પણ થી દૂર રહ્યા હતા

# બનાસકાંઠાની પાલનપુર, ડીસા અને ભાભર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના અધિકારીઓને ચૂંટણીલક્ષી તાલીમ આપાઈ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા અને પંચાયતોની સામાન્ય ચૂંટણી અને અન્ય સ્વરાજયના એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં બનાસકાંઠા જિલ્લાની પાલનપુર, ડીસા અને ભાભર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા થરા અને ધાનેરા નગરપાલિકાની પેટા ચૂંટણી, માંડલા કાંકરેજ તાલુકા પંચાયત અને મોટી મહુડી તાલુકા પંચાયતની પેટા ચૂંટણી આગામી તા.૨૮-૨-૨૦૨૧ના રોજ યોજવાની છે. આ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને તટસ્થ માહોલમાં યોજાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી આનંદ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન અનુસાર ચૂંટણી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્થાનિક સ્વરાજયની સામાન્ય અને પેટા ચૂંટણી માટે નિમાયેલા ચૂંટણી અધિકારીઓને પાલનપુર કલેકટર કચેરી ખાતે દાંતા તાલુકા વિકાસ અધિકારી સહ આયોજન અધિકારીશ્રી એ. ડી. ચૌહાણ દ્વારા ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી દરમ્યાન કરવાની કામગીરી અંગે તાલીમ આપવામાં આવી હતી. જેમાં ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની સત્તાઓ અને જવાબદારીઓ તેમજ ચૂંટણીને અનુલક્ષી કાનૂની જોગવાઈઓ, ઈ.વી.એમ. સહિત આદર્શ આચારસંહિતાનો ચુસ્ત અમલ, ઉમેદવારોના ચૂંટણીલક્ષી ખર્ચાઓ અંગે દેખરેખ, કોવિડ-૧૯ની ગાઈડલાઇનનું પાલન કરાવવા જેવી બાબતોથી ચૂંટણી અધિકારીઓને માહિતગાર કરી ચૂંટણીલક્ષી તાલીમથી સજ્જ કરવામાં આવ્યાં હતાં. આ તાલીમમાં ચૂંટણી અધિકારીઓ અને પ્રાંત



અધિકારીઓ સર્વશ્રી એસ.ડી.ગિલવા, શ્રી યોગેશ ઠક્કર, શ્રી હિરેન પટેલ, શ્રી નવલદાન ગઢવી, પુરવઠા અધિકારી શ્રી સુધેન્દ્રસિંહ ચાવડા, મ.ભો.યો. નાયબ કલેકટરશ્રી બાબી સહિત મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## જીલ્લા પોલીસનો સપાટો દસથી વધુ નાસતાં ફરતા આરોપીને દબોચ્યા

# ભિલોડા પોલીસે ત્રણ કિલોમીટર ખેતર ખૂંદી નામચીન નેરીયુસ બુટલેગરને દબોચ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજસ્થાન રાજ્યને અડીને આવેલા અરવલ્લી જીલ્લાના શામળાજી, ભિલોડાના ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂ ઠાલવી કટિંગ કરી રાજ્યના બુટલેગરોને વિવિધ વાહન મારફતે વિદેશી દારૂ પહોંચાડતો તેમજ અરવલ્લી-સાબરકાંઠા પોલીસને નાકે દમ લાવી દેનાર અને ભિલોડા-શામળાજી પંથકમાં અસામાજીક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ ૬ થી વધુ ગુન્હામાં વોન્ટેડ નામચીન બુટલેગર નેરીયુસ ઉર્ફે લાલો નગીનભાઈ ડામોરને તેના ગામ જેશીંગપુર નજીકથી ભિલોડા પીઆઇ મનીષ વસાવા અને તેમની ટીમે ત્રણ કિલોમીટરથી વધુ ખેતરમાં દોટ લગાવી દબોચી લીધો હતો તેમજ અરવલ્લી એલસીબી પોલીસ,એસઓજી અને મોડાસા ટાઉન પોલીસે જીલ્લામાં નાસતા ફરતા ૧૦ થી વધુ આરોપીઓને ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

ગુજરાતમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી ગેરકાયદેસર વિદેશી દારૂનો વેપલો કરી હજ્જારો બુટલેગરો કરોડો રૂપિયાની આસમી બન્યા છે વિદેશી દારૂના વેપલામાં રહેલા લખલૂટ રૂપિયાના લીધે અનેક



યુવાનો બુટલેગર બની વિદેશી દારૂના ધંધામાં જોતરાયા છે ભિલોડા તાલુકાના જેશીંગપુર ગામનો નેરીયુસ ઉર્ફે લાલો નગીનભાઈ ડામોર ઉર્ફે નગજીભાઈ ડામોર નામનો યુવાન પણ વિદેશી દારૂના ધંધામાં ઝંપલાવી પોલીસતંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ તથા કર્મચારીઓની છત્રછાયા હેઠળ પરપ્રાંતીય બુટલેગરો સાથે મળી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનું કટિંગ શરુ કરતા ટૂંકા ગાળામાં મોટો બુટલેગર બની જવાની સાથે સમગ્ર વિસ્તારમાં લુખ્ખા તત્ત્વો સાથે રાખી પંથકના લોકોમાં ખોફ જમાવતા તેની અસામાજિક પ્રવૃતિઓ સામે લોકો લાચાર બની ગયા હતા જીલ્લા પોલીસતંત્રએ નેરીયુસને ઝડપી પાડવા સતત પ્રયત્નશીલ બની હતી

ભિલોડા પીઆઈ તરીકે ચાર્જ સાંભળતાની સાથે મનીષ વસાવાએ અને તેમની ટીમે પેટ્રોલિંગમાં હતા ત્યારે જેસીંગપુર પાટીયા નજીક કુખ્યાત બુટલેગર નેરીયુસ ડામોર જોવા મળતા પોલીસ જીપ જોઈ નેરિયુંસ પોલીસ પકડથી બચવા માટે ખેતરમાં દોડતા પીઆઈ વસાવા અને તેમની ટીમે ખેતરમાં પીછો કરતા આજુબાજુ થી લોકો પણ બુટલેગર અને પોલીસ વચ્ચે ફિલ્મી રેસ જોવા મળી હતી આખરે પીઆઈ મનીષ વસાવાએ ખેતરો ખૂંદી નેરિયુસ ડામોરને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ જીલ્લા એલસીબી પીઆઈ આર કે પરમાર,એસઓજી પીઆઈ ભરવાડ,પેરોલ ફર્લો પીએસઆઈ કે એસ સીસોદીયા અને મોડાસા ટાઉન પીઆઈ વાઘેલા અને તેમની ટીમે જીલ્લામાં છેતરપિંડી,અપહરણ,ઢોર ચોરી સહીત ૧૦ થી વધુ નાસતા ફરતા આરોપીઓને ટૂંક સમયમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

# કામધેનુ ગૌ વિજ્ઞાન પ્રચાર પ્રસાર પરીક્ષા” અંગે વલસાડમાં સેમીનાર યોજાયો



આગામી તા.૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ નાં રોજ ભારત સરકારનાં રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા × કામધેનુ ગૌ વિજ્ઞાન પ્રચાર પ્રસાર પરીક્ષા ×નું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે વલસાડ જિલ્લાના ગૌ પ્રેમી યોગેશભાઈ પટેલ દ્વારા વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના બરુમાલ ગામમાં મહિલાઓનાં જુથ ની રચના કરવામાં આવી છે. પરીક્ષા અંગે સેમીનાર નું આયોજન કરી યોગેશભાઈ પટેલે મહિલાઓને કામધેનુ ગૌ વિજ્ઞાન પ્રચાર પ્રસાર પરીક્ષા અંગે માહિતી આપી હતી. કામધેનુ ગૌ વિજ્ઞાન પ્રચાર પ્રસાર પરીક્ષા ને ચાર વિભાગોમાં વિભાજીત કરવામાં આવી છે. પ્રાથમિક( ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓ ), માધ્યમિક ( ૯ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ ), કોલેજ ( કોલેજના વિદ્યાર્થીઓ માટે ) , સામાન્ય લોકો માટે રહેશે. પરીક્ષા ૧૦૦ માર્કની રહેશે. જેમાં ૧ કલાકનો સમય ફાળવવામાં આવશે. હિન્દી, અંગ્રેજી તેમજ અન્ય ૧૨ ભાષાઓમાં આ પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષામાં MCQ પ્રકારના બહુવિકલ્પીય પ્રશ્નો હશે અને નિઃશુલ્ક રહેશે. પરીક્ષાનું પરિણામ તરત જ જાહેર કરવામાં આવશે અને ભાગ લેનાર દરેક ને પ્રમાણપત્ર આપવામાં આવશે.અને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપીને વિજેતાઓને ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે. પરીક્ષાના રજીસ્ટ્રેશન માટે રાષ્ટ્રીય કામધેનુ આયોગની વેબસાઈટ kamdhenu.gov.in પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તેમજ વિશેષ માહિતી તેમજ પાઠ્યક્રમ, અન્ય સાહિત્ય અને સંદર્ભ પુસ્તકો રાષ્ટ્રીય કામધેનુ આયોગની વેબસાઈટ અને બ્લોગ Kamdhenu.blog પર ઉપલબ્ધ રહેશે.

# બીટીપીના નેતા છોટુભાઈ વસાવાએ ખેડૂત આંદોલનને પોતાનું સમર્થન જાહેર કર્યું

## રાકેશ ટીકૈતને એક ખરોચ પણ આવે આવી તો આખો આદિવાસી સમાજ સડક પર ઉતરી ખુલ્લો વિરોધ કરશે.- છોટુ વસાવા.

રાજપીપળા, તા.૩૦

દિલ્હીમાં છેલ્લા બે મહિનાથી ખેડૂતોનું આંદોલન જોર પકડી રહ્યું છે. ૨૬ જાન્યુઆરીના રોજ હિંસાત્મક ઘટના ઘટના પછી દેશભરમાં વિવિધ રાજકીય પક્ષોમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. જે કિચન સંગઠનો દિલ્હી થી ગાઝીપુર બોર્ડર પણ આંદોલન ચલાવી રહ્યા છે.ખાસ કરીને વિરોધ પક્ષ ખેડૂતોના સમર્થનમાં આવ્યો છે. જેમાં ગુજરાત બીટીપીના નેતા છોટુભાઈ વસાવાએ ખેડૂત આંદોલનને પોતાનું સમર્થન જાહેર કર્યું છે.જેમાં બીટીપી ધારાસભ્ય છોટુ વસાવાએ સોશિયલ મીડિયાના માધ્યમથી ખેડૂત આંદોલન મુદ્દે સરકારને ખુલ્લી ચેતવણી આપતા ખળભળાટ મચી ગયો છે.અત્રે ઉલ્લેખનીય છે કે છોટુભાઈ વસાવા છેલ્લા ઘણા સમયથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના આદિવાસીઓ માટે આંદોલન કરી રહ્યા છે .એમના જે એ જ આંદોલનને ગુજરાત સરકાર ને નાકે દમ લાવી દીધો છે. ત્યારે છોટુ વસાવાએ ખેડૂત આંદોલનને



પોતાનું સમર્થન આપતા તંત્ર એલર્ટ થઈ ગયું છે. બિટીપીના સર્વે સર્વા છોટુભાઈ વસાવાએ સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે મારી ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈત સાથે વાત થઈ છે. મેં એમને એવું આશ્વાસન આપ્યું છે કે જળ, જંગલ, જમીન માટે લડતા દેશના આદિવાસી ખેડૂતો પણ તમારી સાથે જ છે, તમે તમારી લડત ચાલુ રાખજો. આવનારા સમયમાં દેશના ખેડૂતો એક થઈ સંવિધાનીક અધિકારો માટે લડત લડશે. આંદોલનને સમર્થન આપવા બદલ રાકેશ ટિકૈતે અમારો આભાર પણ માન્યો હતો.

છોટુભાઈ વસાવાએ સરકારને ચેતવણી આપતા એમ જણાવ્યું હતું કે જો કિસાન નેતા મહેન્દ્રસિંહ ટિકૈતના પુત્ર રાકેશ ટિકૈતને એક ખરોચ પણ આવી તો આખો આદિવાસી સમાજ સડક પર ઉતરી ખુલ્લો વિરોધ કરશે. આ આંદોલન ગુજરાતમાં પણ શરૂ થઈ શકે છે.

તસવીરઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

# વિચિત્ર અકસ્માત : બાયડ કોલેજ નજીક ચાર બાઈક ધડાધડ એક બીજા સાથે ભટકાઈ,૧ વ્યક્તીનું મોત



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં માર્ગ સલામતી મહીનાની ઉજવણી ચાલી રહી છે બીજીબાજુ જીલ્લામાં ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી વાહનચાલકો વાહન હંકારતા હોવાથી સતત જીલ્લાના માર્ગો રક્તરંજીત બની રહ્યા છે બાયડ આર્ટ્સ કોલેજ નજીક એક વિચિત્ર અકસ્માતમાં ચાર બાઈક એક બીજા સાથે ધડાધડ અથડાતા ૧ વ્યક્તિનુ ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું ત્રણ લોકોના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્તોને વાત્રક હોસ્પિટલમાં ખસેડી દીધા હતા એક સાથે ચાર ચાર બાઈક ભટકાઈ રોડની આજુબાજુ પટકાતા લોકો પણ વિચારતા રહી ગયા હતા અકસ્માતની ઘટનાના પગલે બાયડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પ્રાપ્ત માહિતી અનુસાર,શનિવારે બાયડ કોમર્સ કોલેજ નજીક ચાર બાઈક એક બીજા સાથે ભટકતા સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં બાયડ રતનપુર ગામના ૨૦ વર્ષીય અતુલ જયંતિ ભાઈ પરમારનું મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી અકસ્માતની ઘટનામાં અન્ય બાઈક ચાલક વ્યક્તીઓમાં એક વાત્રક ગઢ અને ત્રણ લોકો વડાગામના હોવાનું અને ચારેય ઈજાગ્રસ્તોને સારવાર અર્થે વાત્રક જનરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા ચાર બાઈક અથડાતા સર્જાયેલ વિચિત્ર અકસ્માતે લોકોને અચંબીત કર્યા હતા બાયડ કોમર્સ કોલેજ પાસે ચાર બાઈક ધડાકાભેર એક બીજા સાથે ભટકાતા સર્જાયેલ અકસ્માતમાં રતનપુર ગામના આશાસ્પદ યુવક અતુલ પરમારનું મોત નિપજતા મોટી સંખ્યામાં યુવકના પરિવારજનો અને સગા-સબંધી ઘટનાસ્થળે પહોંચી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી બાયડ પોલીસે મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# વડગામ તાલુકાના મેતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોવિડ-૧૯ રસીકરણ કરાયું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વડગામ તાલુકાના મેતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તા.૨૯ જાન્યુઆરીના રોજ મેડીકલ ઓફીસરશ્રી ડો. વિક્રમસિંહ બી. પરમાર તેમજ ફીમેલ હેલ્થ સુપરવાઈઝર મેતા શ્રીમતી ગીતાબેન જે. પંડયા તથા મલ્ટીપરપઝ હેલ્થ સુપરવાઈઝર શ્રી હસમુખભાઈ પી. સોલંકીની સીધી દેખરેખ હેઠળ કોવિડ–૧૯ રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મેતા ફ્રન્ટલાઈન કોરોના વોરીયર્સ તરીકેના આરોગ્ય કર્મચારી તેમજ આશા બહેનો અને આંગણવાડી કાર્યકર બહેનોને કોવિડ–૧૯ની રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. જેમાં કુલ ૮૨ ફ્રન્ટલાઈન કોરોના વોરીયર્સને રસી આપવા આવી હતી. જે પૈકી કોઈ પણ કર્મચારીને કોવિડ–૧૯ વેક્શિનની આડઅસર પણ જોવા મળી ન હતી. કોરોના રસી અંગે અફવાઓમાં આવ્યા સિવાય તમામ કોરોના વોરીયર્સ તથા લોકો તબક્કાવાર રસી મુકાવે તેમ મેતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરશ્રી ડો. વિક્રમસિંહ બી. પરમારે જણાવ્યું છે.

# માંડવા ગામે લશ્કરી ભરતી મેળા માટે ટ્રેનિંગ કેમ્પમાં ભાગ લેનારા દરેક વિદ્યાર્થીઓ અને ટ્રેનરોનુ અદકેરું સન્માન



આગામી ટૂંક લશ્કરી ભરતી મેળો દ્વારકા ખાતે યોજાવાનો છે ત્યારે સૌરાષ્ટ્રમાં હજારો યુવાનોમાં ખુબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે ઠંડીમાં સવારે અનેક વિદ્યાર્થીઓ દોડવાની કસરત કરવાની તૈયારી આરંભી દીધી છે

ત્યારે કુતિયાણા અને માણાવદર વિસ્તારના યુવાનો પણ વધુમાં વધુ સફળ થાય આ શુભ ભાવના સાથે ફિઝિકલ અને લેખીત ટ્રેનીંગ માટે કુતિયાણા તાલુકાના માંડવા ગામ આસપાસ વિસ્તારનાં ૬૦ જેટલા યુવાનોને કોઈ પણ ફી વગર છેલ્લા દોઢેક માસથી આ ગામનાં યુવા વતની મહેશભાઈ ભેટારીયા અને રિટાયર્ડ આર્મી મેન જગમાલભાઈ પીઠાભાઈ વરુ દ્વારા ખુબ જ જહેમત ઉઠાવી રહ્યા છે આ પ્રેક્ટિસ કેમ્પમાં માંડવા કટવાણા ચિખલોદ્રા પસવારી વેકરી બાટવા ચૌટા ટેરી ગોકરણ અમરાપુર બાલોચ અને રાણાકંડોરણા ગામના મળીને કુલ ૬૦ જેટલા યુવાનો ભાગ લઈ રહ્યા છે ગઈ ૨૮ જાન્યુઆરી ગુરુવારના રોજ ફાઇનલ પ્રેક્ટિસ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જુનાગઢ જીલ્લા આહિર સમાજનાં પ્રમુખ અને જાણીતાં કેળવણીકાર જેઠાભાઈ પાનેરા કુતિયાણા તાલુકાના હેલ્થ ઓફિસર ડો.અર્જુન બાબરીયા વેકરી ગામના સામાજિક કાર્યકર પૂર્વ તાલુકા પંચાયતના સભ્ય રામશીભાઈ ખોડભાયા તેમજ કુતિયાણા તાલુકાના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા પૂર્વ સરપંચ જગા વરુ કુતિયાણા કોંગ્રેસ આગેવાન ઠેબાભાઈ ચૌહાણ ભીમભાઈ તેમજ અરજણ પીઠા દ્વારા પ્રેરણાદાયી પ્રવચન અને જે. એમ. પાનેરા કોલેજ દ્વારા દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એક થી ત્રણ નંબરના વિદ્યાર્થીઓને સન્માન પત્રો રોકડ રકમ આપી હતી આ અનોખા સેવા યજ્ઞમાં વિશીષટ સેવા આપનાર મુખ્ય ટ્રેનરો મહેશભાઈ ભેટારીયા તથા જગમાલભાઈ પીઠાભાઈ વરુનુ જેઠાભાઈ પાનેરા દ્વારા સન્માન કરવામાં આવ્યું આ ફાઈનલ પ્રેક્ટિસ ટેસ્ટ માં પ્રથમ નંબર શ્યામ કાંબરિયા દ્વિતીય નંબર દેવાણંદ મારુ તૃતીય નંબર પર વિપુલ કાંબરીયા રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન આદિત્ય સ્કુલ માણાવદરના પ્રવિણભાઈ સોલંકીએ કર્યું હતું

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK